Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 21 - Issue : 6

March, 2017



જે વધારે કશી રકઝક કર્યા વિના, ઝાઝી ડખાડખ કર્યા વિના, આપેલી સલાહ ઉપર બુદ્ધિ ચલાવ્યા વિના અને દલીલની પરંપરાઓ જગાવ્યા વિના, શ્રદ્ધા રાખીને, પ્રેમભાવ રાખીને જે તે કંઈ કરે છે, એવા પર મને વધારે ભાવ ઉત્પન્ન થાય છે.

- શ્રીમોટા

'જીવન પગથી', બી. આ., પૃ. ૫૦









હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદની જેમ હરિઃૐ સત્સંગ મંડળ, ટોરન્ટો, કેનેડામાં ઑક્ટોબર, ૨૦૧૩થી સમૂહ પ્રાર્થના, નામસ્મરણ, વાંચન અને આરતી-યજ્ઞની સાથે પૂજ્યશ્રીના પ્રસાદનો કાર્યક્રમ દરમહિને એકાદ શનિવારે ગોઠવાય છે. હાલમાં ઘણાં સ્વજનો સંકળાયાં છે.

સ્વજનો જો સ્વઉમળકે કોઈ ભેટ શ્રીહરિચરણે ધરે છે, તો તેની કુલ રકમ બન્ને હરિઃૐ આશ્રમો, સત્સંગ મંડળ અમદાવાદ, મહાજન શક્તિદળ અને હરિવાણી ટ્રસ્ટને સરખે હિસ્સે પહોંચાડાય છે.

વિશેષ જાણકારી માટે સંપર્ક :
હિમાંશુ દિલીપકુમાર ભાવસાર
૫, ફર્નહામ ડ્રાઈવ, બ્રામ્પ્ટન, કેનેડા. ફોન : ૪૧૬-૯૦૭-૯૩૪૪
**E-mail : himanshu_db@yahoo.com**

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

વર્ષ : ૨૧ અંક : ૬ માર્ચ, ૨૦૧૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. જે ‘જીવન’ને ચાહે છે, તેને હું ઘણું ચાહું છું ....... શ્રીમોટા ૪
૨. જિંદગી ‘જીવન’ની ગર્ભાવસ્થા છે ....... સ્વામી વિવેકાનંદ ૫
૩. પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણો ........................ .......................... ચંદ્રમણિબહેન ચંદુભાઈ પટેલ ૭
૪. શ્રીજીમહારજ અને દાદા ખાચર : પૂર્ણ .. સં. પ્રભુદાસ જાની ૧૩
૫. ગટરની ગંગા .................... શ્રીઉપાસની મહારાજ ૧૪
૬. ક્રોધ ............................... સ્વામી કૃપાલ્વાનંદ ૧૫
૭. ગુરુભક્તિ બ્રહ્મજ્ઞાનનું જન્મસ્થાન છે ......... સંત જ્ઞાનેશ્વર ૧૬
૮. જયા ! તું જે કંઈ છું, તે મારે લીધે છું : શ્રીમોટા ........... .................................. જયા જનમેજય પટેલ ૧૮
૯. શ્રીમોટા સાથે પ્રશ્નોત્તરી .............. સં. રતિલાલ મહેતા ૨૧
૧૦. છપ્પા ...................................... કવિ અખો ૨૨
૧૧. અગ્નિતત્ત્વ .............................. બાબુ સરકાર ૨૩
૧૨. પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન ઉત્સવ ...........સંપાદક ૨૫

## જ્ઞાનદાન

**હરિઃૐ આશ્રમ, નડિયાદના સદ્‌ગત પ્રમુખશ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલની સુપુત્રી શ્રીમતી જયાબહેન જનમેજયભાઈ પટેલ (અમેરિકા) હાલ (અમદાવાદ)ના પરિવાર તરફથી ‘હરિભાવ’ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે, તેમ જ પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના કેટલાક પ્રસંગો વ્યક્ત કર્યા છે, તે બદલ તેમના અને પરિવારના સભ્યો પ્રત્યે અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**સંપાદક**

## (૧) જે 'જીવન'ને ચાહે છે, તેને હું ઘણું ચાહું છું

શ્રીમોટા

તું કામથી નવરી ના પડે એવું તો હું માગું છું. નવરાશના સમયનો સદુપયોગ કરવાની કળા આજે તો લગભગ બધાં ખોઈ બેઠેલાં છે. પુરુષ તેમ જ સ્ત્રી બન્ને જણાં. સમય વહ્યો જાય છે, જીવન ગબડી રહેલું છે, એવું એનું ભાન સરખું પણ કોઈને નથી.

**જે જીવનને ચાહે છે, તેને ઘણું ઘણું અધિક હૃદયમાં હું ચાહું છું.** જીવનવિકાસ કાજેની હૃદયની લગની લાગી એટલે બસ મારું કામ પાક્યું એમ શ્રીપ્રભુકૃપાથી ગણું. તેથી, સત્સંગનો જ્ઞાનપૂર્વકનો નિરંતર અભ્યાસ જરૂરનો છે, પરંતુ જીવને જીવ પ્રકારની વૃત્તિઓનો અભ્યાસ છે. તેથી, તેમાં એકદમ કંઈ શ્રીભગવાનના ચેતન પરત્વેના સંસ્કારનો ઉદય થઈ ના શકે !

મેલાં કપડાંને બરાબર રંગ ચઢી શકતો નથી. કપડાંને રંગવા કાજે પહેલાં તો એમાંનો બધો મેલ કાઢી જ નાખવો પડે છે. એમ તો સ્થૂળ રીતે જાતે જ રંગરેજ છુંને ? રંગવાનું કામ મળેલ હતું. શ્રીપ્રભુની કૃપાથી અમને તો બધાંને એટલે જે એની મેળે તે કામ કાજે પ્રભુકૃપાથી મળે તેમનાં અંતર રંગવાનું કામ ઘણું ઘણું ગમે છે.

જીવને કેટલાય જન્મનો અસત્‌નો જ અભ્યાસ પડેલો છે. એટલે તે પ્રકૃતિમાં જ રમ્યા કરેલો છે. પોતાની પ્રકૃતિને તેણે શ્રીભગવાનને પ્રેમભક્તિભાવે સમર્પણ પણ કરેલી નથી. તેથી જ નિત્ય સત્સંગ, સંતસમાગમ અને તેવા અભ્યાસની જરૂર રહે છે. માટે, તને એકલીને જોકે હું સત્સંગની ભાવનાના લાંબા કાગળો લખું છું, પરંતુ ભાવના તો તે અર્થે મળેલાં બધાં સ્વજનોનાં દિલમાં પ્રભુકૃપાથી પ્રેરાવ્યા કરું છું.

આ જીવ કેટલું કામ કરતો હતો, તે તો તને લખ્યું છે. કામથી ડરે તે કાયર. મારે તો તને મરદ અનુભવવી છે. હજી તને હરાવવા, ભય પમાડવા, સંતાપ ઉપજાવવા કંઈ કંઈ બને પણ ખરું, પણ તેથી કરીને તેમાં આપણને શું ? કોઈ જાણી જોઈને એમ કરે છે તેમ તો નથી. જ્યાં ત્યાં બધે જ આપણી પોતાની પ્રકૃતિ પ્રસરેલી છે. તેના તેના તે તે ફણગા છે. માટે, કૃપા કરીને **નામસ્મરણ હૈયાના ઉમળકાથી કરતી રહેજે.**

સાચા જીવનની ખરેખરી અને પૂરેપૂરી જો લગ્ની લાગી જાય તો પછી આ સંસાર-વહેવારવર્તનની બાબતમાં મન જાય જ નહિ. માટે, કૃપા કરીને આપણે તો સદાય ઊંચું જ જોવાનું, વિચારવાનું, વર્તવાનું, સમજવાનું, અનુભવવાનું જાગૃતિપૂર્વક રાખવાનું છે. તેમાંથી જીવનનો વિકાસ થતો રહેવાનો છે. સંસારવહેવારના અને દુનિયાદારીના કલહના કે એવા ઝંઝટના ઝઘડામાં જો મન પડી ગયું, તો તો એના કળણમાંથી મનનું નીકળવાનું અશક્ય જ બની જવાનું. માટે, મનનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ ત્યાં જાય ત્યારે એને ટકોરવાં, સંકેલવાં અને સંકોરવાં. આ ત્રણે પ્રક્રિયા તો સાધકને કાજે ઘણી ઘણી જરૂરની છે. શ્રીપ્રભુકૃપાથી આ જ પ્રમાણે કર્યા કરીને મનને કેળવણી આપ્યા કરેલી છે. મન કેટલીય વાર પડી જતું, પણ ઉપરની ત્રણે પ્રક્રિયાઓ જો જ્ઞાનપૂર્વક કર્યા કરીએ છીએ તો તેવાં બધાં વલણમાંથી ઊગરી જવાનો સોએ સો ટકા સંભવ રહે છે, તે નક્કી જાણજે.

'જીવનસોપાન', બી. આ., પૃ. ૨૧૬ ❑

**સ્મરણ નાનકડું સાધન છે,**
**સીધું, સાદું, સરળ શું છે !**
**જરાપણ અટપટું ના છે,**
**સમર્થ તે છતાં પણ છે.**

'જીવનઆહ્‌લાદ', બી.આ., પૃ.૧૮ -શ્રીમોટા

# (૨) જિંદગી 'જીવન'ની ગર્ભાવસ્થા છે

સ્વામી વિવેકાનંદ

યોગવિદ્યામાં સમાયેલો ધર્મ કેટલાક સિદ્ધાંતો ઉપર રચાયેલો છે. જગતના ઉચ્ચ કોટિના મહાપુરુષોએ એકમતે જાહેર કરેલું છે કે એક નિર્વિશેષ, સર્વાતીત સત્તા જે દ્વૈત જગતની પાછળ રહેલી છે, તેમાંથી જ આપણે પ્રત્યેક તથા આ સમગ્ર જગત ઉત્પન્ન થયું છે. ભૌતિકશાસ્ત્રે પણ આ સિદ્ધાંતને પ્રયોગ સહિત સિદ્ધ કરી બતાવ્યો છે. વળી, સમગ્ર જગત જે સત્તામાંથી ઉત્પન્ન થયું છે, તે સત્તામાં પાછું સમાઈ જવા માટે એ દિશા તરફ વહ્યું જાય છે. એટલે કે એ દિશા તરફ ગતિમાન છે.

હવે, **ગતિ હંમેશાં વર્તુળાકાર જ હોય છે.** કોઈ પણ ગતિ સીધી લીટીમાં થઈ શકે નહિ. એવો અચળ વિશ્વનિયમ છે. જો તમે એક પથ્થરને ગતિ આપીને સીધો આકાશમાં ફેંકો અને તેને માર્ગમાં કશું નડતર ના આવે, તેમ જ પાછો આવે ત્યાં સુધી તમે જીવતા રહો તો તે પથ્થર આખું વિશ્વ ઘૂમી વળીને પાછો તમારી જ આગળ આવીને ઊભો રહશે. કોઈ પણ સીધી લીટીને તમે અનંત માર્ગે લંબાવ્યા જ કરો તો તે વર્તુળાકાર બની જશે.

આ નિયમ પ્રમાણે વિચારી જોતાં મનુષ્યની ગતિ અનંત ઉન્નતિની દિશા તરફ હોય અને એનો અંત જ ના હોય એ માન્યતા ટકી શકતી નથી. થોડોક વિષયાંતર થાય છે, છતાં કહેવાની જરૂર છે કે **આપણે કદી કોઈના તરફ તિરસ્કાર કરવો નહિ, પણ સૌના તરફ પ્રેમ કરવો. આ નીતિશાસ્ત્રનો સિદ્ધાંત, ભૌતિક વિજ્ઞાનના નિયમ પ્રમાણે પણ ખરો ઠરે છે. શક્તિ જ્યાંથી નીકળે છે ત્યાં ને ત્યાં જ ફરી ફરીને પાછી આવે છે.** જગતની તમામ શક્તિઓની બાબતમાં એમ સમજવું. તેથી કરીને કોઈનો ધિક્કાર કરવો નહિ, કારણ કે ધિક્કારની લાગણીનાં મોજાં તમારા હૃદયમાંથી નીકળીને ગમે ત્યારે પણ એકવાર તમારા જ હૃદયમાં સામે આવીને અથડાશે. જો તમે પ્રેમની લાગણી દર્શાવશો તો તેનાં મોજાં પણ તમારા તરફ ફરીને પાછાં આવશે. આ એક અત્યંત ખાતરી ભરેલી બીના છે. મનુષ્યના હૃદયમાંથી નીકળેલી ધિક્કારની નાની વૃત્તિઓ પણ તેમના પૂરજોશથી ધિક્કારને ઉત્પન્ન કરનારના હૃદયની સામે પાછી અથડાયા વગર રહેતી જ નથી. દુનિયાની કોઈ શક્તિ તેને તેમ કરતાં અટકાવી શકે તેમ નથી.

જેનો અંતે છેડો જ ના હોય એવી કોઈ ગતિ જ નથી. ગમે તેવી લાંબી ગતિ પણ જ્યાંથી તે ઉત્પન્ન થાય છે ત્યાંથી અમુક છેટે જઈને ગોળ બનતી ચાલે છે. અને છેવટે પાછી તે પોતાના ઉત્પત્તિ સ્થાન તરફ પાછી વળે છે. જે ચીજ જ્યાંથી એકવાર નીકળે છે ત્યાં જ પાછી ફરે છે. આ નિયમ વિશ્વવ્યાપી છે. વૃક્ષને પોષકતત્ત્વ પૃથ્વીમાંથી મળે છે, પણ આખરે એ ઝાડ સડી જઈને એ તત્ત્વો પાછાં પૃથ્વીમાં જ સમાઈ જાય છે. જગતમાં જે જે આકૃતિવાળા પદાર્થો છે, તે સર્વના શરીર આસપાસના પરમાણુઓથી ઘડાયા છે. અને આખરે એ પરમાણુઓમાં જ તેઓ ભળી જાય છે.

નિયમ તો બધે ઠેકાણે એકસરખી રીતે જ લાગુ પડતો હોય છે. બાહ્યજગતમાં ઉપર કહેલો જે નિયમ લાગુ પડે છે, તે જ નિયમ આંતરજગતમાં પણ લાગુ પડવો જોઈએ. હકીકત આ પ્રમાણે જ છે. એટલે મન પણ આખરે તેના ઉત્પત્તિસ્થાનમાં જ લય પામવું જોઈએ. આપણી ઈચ્છા હોય કે ના

હોય તોપણ આપણે આપણા મૂળ તરફ ગયા વિના છૂટકો જ નથી. અને તે મૂળ એટલે ઈશ્વર અથવા નિર્વિશેષ અનંત પરબ્રહ્મ. **આપણે એ ઈશ્વરમાંથી પ્રગટ થયાં છીએ અને અંતે ઈશ્વરમાં જ જઈ મળવાનાં છીએ.** એ ઈશ્વરને તમે મરજીમાં આવે તે નામથી ઓળખાવો. તેને ઈશ્વર કહો, બ્રહ્મ કહો કે સૃષ્ટિશક્તિ કહો, પણ વસ્તુ એકની એક જ. જેમાંથી ભૂતમાત્રની-અખિલ વિશ્વની ઉત્પત્તિ થઈ અને જેમાંથી સમગ્ર ભૂતપ્રાણી જીવન મેળવે છે, તેઓ અંતે તેમાં જ મળી જવાનાં છે.

કુદરત પોતાની નિયમાવલિ બદલતી નથી. તેની યોજના ફેરવાતી નથી. જે નિયમ આપણે વૃક્ષો માટે જોયો તે જ નિયમ મનુષ્ય, ગ્રહો, તારાઓ સૌને લાગુ પડે છે. સમુદ્રના મોટા મોટા તરંગ અનેક ક્ષુદ્ર તરંગોના સમૂહરૂપ છે, તેમ આ સમગ્ર જગત પણ કરોડો જીવોના સમૂહરૂપ છે.

હવે, અત્રે સવાલ એ ઉપસ્થિત થાય છે કે ભગવાનની સાથે પુનર્મિલન કરવું એ સ્થિતિ આપણી વર્તમાન માનવદશા કરતાં ઉચ્ચ છે કે નીચા પ્રકારની છે ? યોગી પુરુષો આ પ્રશ્નનો દૃઢતાપૂર્વક ખુલાસો આપે છે કે **મનુષ્યની વર્તમાન સ્થિતિ એ તો તેની કનિષ્ઠ જ અવસ્થા છે.** મનુષ્યની જે સ્થિતિ હતી તે કરતાં અત્યારે તેની સ્થિતિ વધારે ઉન્નત છે એવી માન્યતાવાળો જગતમાં એક પણ ધર્મ નથી. સર્વધર્મનું આ તો એક સામાન્ય તત્ત્વ છે કે મનુષ્ય પ્રથમ પૂર્ણ નિર્દોષ હતો અને ત્યાર પછી જ ધીમે ધીમે તેની અધોગતિ થવા લાગી છે. એમ કરતાં કરતાં જ્યારે તેનો એટલો અધઃપાત થશે કે પછી વધારે અધઃપતનનો અવકાશ જ નહિ રહે ત્યારે ત્યાંથી મનુષ્ય ઊંચે ચડવા લાગશે. અને આખા વર્તુળનો ફેરાવો પૂરો કરીને પાછો તેની અસલ સ્થિતિએ આવી પહોંચશે. **ગતિમાત્ર ગોળાકારમાં જ હોય છે.**

મનુષ્ય ઈશ્વરમાંથી પ્રગટ થાય છે. વચલી સ્થિતિમાં તે મનુષ્ય રહે છે અને છેવટે તે પાછો ઈશ્વરને જ જઈ મળે છે. દ્વૈતવાદની પદ્ધતિ પ્રમાણે આ સિદ્ધાંતને ઉપર પ્રમાણે ઘટાવી શકાય. જ્યારે અદ્વૈતવાદ પ્રમાણે આપણે એમ કહી શકીએ કે મનુષ્ય ઈશ્વર જ છે અને પાછો ઈશ્વરમાં લય પામે છે.

વર્તમાન સ્થિતિમાં પ્રત્યેક જણને પોતાના સુખમાં કંઈક અધૂરું હોય તેમ અતૃપ્તિ લાગે છે. આ આપણી એક અવસ્થા જ છે. ઉચ્ચ સ્થિતિએ પહોંચવા માટે આ સ્થિતિમાંથી પસાર જ થઈએ છીએ. જમીનમાં બીજ વાવીએ તો તે સડી જશે અને તેના તમામ પરમાણુ છૂટા પડી તેનો નાશ થશે અને એ બીજના નાશમાંથી જ વૃક્ષની ઉત્પત્તિ થશે. આ દૃષ્ટાંત ઉપરથી સમજાય છે કે ઈશ્વરત્વ પામવા માટે પ્રાણીનો લય તો થવો જ જોઈએ. શરીરને નાહક ક્લેશ આપ્યાથી અથવા સંસારને વૃથા ગાળો દેવાથી કાંઈ સંસાર તરી જવાતો નથી.

★ ★ ★

બુદ્ધિની સીમાની પેલી બાજુ વિચારભૂમિકા કરતાં પણ વધારે ઉચ્ચ ભૂમિકાઓ આવે છે. ધાર્મિક પ્રવૃત્તિની શરૂઆત પણ ખરું જોતાં બુદ્ધિથી ઊંચેની ભૂમિકામાંથી થાય છે. બુદ્ધિ, વિચાર, તર્ક એ પ્રદેશોને છોડીને તમે આગળ વધો ત્યારે જ ઈશ્વર તરફની પહેલી મજલે પહોંચ્યા એમ કહેવાય અને ખરેખરા જીવનનો એ જ આરંભ છે. અત્યારે જેને આપણે જીવન જીવન કહ્યા કરીએ છીએ, તે તો ખરેખરા **જીવનની ગર્ભાવસ્થા જ છે.** ભારતવર્ષનું તત્ત્વદર્શન નવો માર્ગ ઉઘાડી આપે છે. ભારતવર્ષમાં જે જે દર્શનો રચાયાં છે, તેમનું સર્વ લક્ષ્ય બુદ્ધિથી ઊંચેના પ્રદેશ તરફ જ છે.

'પાતંજલ યોગસૂત્ર', બી. આ., પૃ. ૧૨૮ ❑

## (૩) પૂજ્ય શ્રીમોટા સાથેનાં સંસ્મરણો

**ચંદ્રમણિબહેન ચંદુભાઈ પટેલ**

*(ઘણા સમય પહેલાંનું આ લખાણ છે. હવે તો શ્રી ચંદ્રમણિબહેન સદ્‌ગત થયેલાં છે. સ્વજનો જેઓને શ્રી એન.સી.પટેલ તરીકે જાણે છે, તેમનાં તેઓ માતુશ્રી થાય. -સંપાદક)*

પરમ પૂજ્ય શ્રીમોટા સાથે અમારા પરિવારને પરિચય-સંપર્કમાં આવવાનું બન્યું, તેની પૂર્વભૂમિકામાં પૂર્વજન્મનાં તેમની સાથેના કોઈ ને કોઈ નિમિત્ત તો હશે જ, પરંતુ આપણને તો હાલના જીવનની જ જાણકારી હોય છે. એટલે એ વિગતો જ જણાવી શકીએ. વળી, આપણી સાથે આપણા જેવા થઈને તેઓશ્રી રહ્યા. એટલે કશી ખબર પણ ન પડી અને તેમની ચેતનાના સ્પર્શની આછીપાતળી જાણ પણ ઘણી મોડી થવા માંડી છે.

અમો ખેડા જિલ્લાના નડિયાદના કાકરખાડના નિવાસી. દેશની આઝાદીની લડતમાં ગાંધીજીએ જે પ્રવૃત્તિઓ આરંભી તેમાં સાબરમતીના હરિજન આશ્રમની સ્થાપના મોખરે ગણાય. એ આશ્રમમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં ચર્મઉદ્યોગનો એક વિભાગ હતો. અમો પાટીદાર સમાજના સભ્યો હોવા છતાં, મારા જીવનસાથી સદ્‌ગત ચંદુભાઈ પટેલના સ્વભાવમાં દેશપ્રેમ અને ગાંધીજી પ્રત્યેના આકર્ષણના કારણે સાબરમતી આશ્રમમાં અમારો વસવાટ હતો અને ઉપર ઉલ્લેખ કર્યો તે ચર્મઉદ્યોગનો વિભાગ તેઓ સંભાળતા હતા.

હરિજન આશ્રમ, સાબરમતીમાં જે તે સમયે પૂજ્ય શ્રીમોટાનો વસવાટ હોવા છતાં તેમના સીધા પરિચયમાં અમારે આવવાનું બનેલું નહિ. શ્રી હેમંતકુમાર નીલકંઠ જેવા જે અનેક આશ્રમવાસી હતા, તે પૈકીના ચૂનીલાલ ભગત પણ એક હોવાનો ખ્યાલ છે. આ સંસ્મરણ સને ૧૯૪૨ના અરસાનું ગણાય.

નડિયાદના કાકરખાડ વિસ્તારની બહેનોનો એક સીવણવર્ગ પ્રવૃત્ત હતો. આ વર્ગની બહેનો સાથે એક વખત શેઢી નદીના દખ્ખણિયા ઓવારે જન્માષ્ટમી-શ્રાવણ વદ ૮ ના રોજ મારે જવાનું થયું હતું. ત્યાં બાજુમાં હરિઃૐ આશ્રમ હોવાથી અમે આશ્રમમાં ગયાં, તો ત્યાં હેમંતકુમાર નીલકંઠને જોયા. એટલે હરિજન આશ્રમની વ્યક્તિ તરીકે જે પરિચય હતો તેના કારણે તેમની સાથે થોડીક ઔપચારિક વાતચીત થઈ હતી. આશ્રમની પવિત્ર ભૂમિ ઉપર જન્માષ્ટમી જેવા શુભ દિવસે શ્રી હેમંતભાઈ સાથે જે વાતચીત થઈ તેમાં 'મોટા'નો ઉલ્લેખ થયો હતો.

આશ્રમની ભૂમિ ઉપર મને જે શાંતિનો અનુભવ થયો તેના કારણે ત્યાં જવાનું મન થતાં બીજે જ દિવસે ચંદુભાઈ સાથે અમારા અન્ય સ્નેહી ડૉ. વિનોદચંદ્ર અમીન અને તેમનાં ધર્મપત્ની ડૉ. મુક્તાબહેન સાથે અમે આશ્રમમાં ગયાં હતાં, તેની યાદ આજે પણ તાજી છે.

એ દિવસે હેમંતદાદા ઉપરાંત, મથુરીબહેન ખરે પણ અમને ત્યાં મળ્યાં. તેઓની સાથે પણ સાબરમતી આશ્રમના સંબંધોના કારણે પરિચય હતો જ. મોટા જ્યાં ક્યાંય જાય ત્યાં મથુરીબહેનને ભજનો ગાવા માટે સાથે લઈ જતા અને તેઓ અપરિણીત હોવાથી તેમ જ

તેમના સદ્ગત પિતાશ્રી સાથેના સાત્ત્વિક સંબંધોના કારણે શ્રીમોટા તેઓને આર્થિક રીતે ટેકો અપાવતા હતા. આ દિવસે આશ્રમમાં જે વાતચીત થઈ અને મનમાં જે શાંતિનો અનુભવ અમોને થયો તે ઉપરથી અહીં આવવા જેવું છે એમ અમને લાગેલું. એ સાંજે મોટા, બહારગામથી આવ્યા એટલે અમને કહે કે કાલે સવારે આવજો તેથી તેમના કહેવા પ્રમાણે અમે ગયાં હતાં. ત્યાર બાદ અમે ચાર જણાં લગભગ રોજ વહેલી સવારે આશ્રમમાં જતાં હતાં. આ દરમિયાન પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ થતો. તેઓશ્રી આખા કુટુંબના સભ્યોની ખબરઅંતર પૂછે, બાળકોના અભ્યાસની વાતોમાં રસ પણ લે. એટલે પૂજ્ય શ્રીમોટા એક અનુભવી પુરુષ છે એનો તો કશો જ ખ્યાલ એ વખતે અમોને આવતો નહિ. અથવા તો એમણે એનો ખ્યાલ આવવા દીધેલો નહિ.

જીવનમાં તડકી છાંયડીનો કુદરતી ક્રમ રહ્યો છે, એ ન્યાયે અમારા પરિવાર ઉપર એક ઉપાધિ ઊતરી આવી. સને ૧૯૬૪માં શ્રી ચંદુભાઈને હૃદયરોગનો હુમલો-હાર્ટએટેક આવ્યો. તે સમયે આરામના સમય દરમિયાન વાંચવા માટે સ્નેહી શ્રી ડૉ. વિનોદચંદ્ર અમીને પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક 'જીવન સંદેશ' તેમને આપ્યું હતું. મુંબઈ જઈને અમે હાર્ટનું ચેકઅપ કરાવી આવ્યા, તે પછી અમને મનોમન એવો ભાવ થતો હતો કે હરિઃૐ આશ્રમમાં જઈ પૂજ્ય શ્રીમોટાને મળી આવીએ. ત્યાં તો એક વહેલી સવારે જ્યારે અમે પરવારેલાં કે વ્યવસ્થિત ન હતાં એવે સમયે પૂજ્ય શ્રીમોટા અમારે ઘેર આવી ગયા અને સીધા ચંદુભાઈ પાસે પહોંચી ગયા. ચંદુભાઈ પાટ ઉપર સૂતેલા હતા. તેમનો હાથ પકડીને શ્રીમોટાએ તેમની સામું જોયા જ કર્યું. આ વખતે અમને શ્રીમોટાની આંખો તેજતેજના અંબાર જેવી દેખાઈ. શ્રીમોટાની આંખોના દિવ્ય પ્રકાશનો અમારા માટે એ પ્રથમ અનુભવ હતો.

આ ઘટના બાદ અમો બે અને ડૉ. વિનોદચંદ્ર અને ડૉ. મુક્તાબહેન એમ ચારે જણાં શ્રીમોટા, આશ્રમમાં હોય ત્યારે લગભગ રોજ વહેલી સવારે જતાં હતાં. મોટા, પરિવારના સભ્યોના ખબરઅંતર પૂછે. ચંદુભાઈને બાળકોના અભ્યાસ વગેરે અંગે માહિતી ન હોય એટલે મારે બધી વાત કરવી પડતી. આ પછી ચંદુભાઈને મનમાં થયું કે મોટા પૂછે અને પોતાનાથી જવાબ ન આપી શકાય એ બરાબર નહિ. એટલે બાળકોના અભ્યાસ, તેમની પ્રગતિ વગેરે અંગે તેઓ રસ લેતા થયા, પણ એ મોટાના કારણે બન્યું. મોટા, ધર્મની વાતો ભલે ન કરે પણ કૌટુંબિક જીવનની નાનામાં નાની વાત પ્રત્યે આપણો અભિગમ ફેરવાવે છે, એ અમે અનુભવ્યું છે.

અમારી દીકરી સુધાનાં લગ્ન અંગે અમોને સતત વિચારો આવતા. એક વખત મોટાએ અમને હૈયાધારણ આપી કે સુધાને સારું સગું મળશે. એટલે મનમાં થોડીક રાહત થઈ હતી. અને ખરેખર એ પ્રમાણે જ બન્યું. અમારો પુત્ર ચિ. નિરંજન સ્કૂલનો અભ્યાસ પૂરો કરી કૉલેજમાં દાખલ થયેલો, પણ કૉલેજિયન છોકરાઓ જોડે કાકરખાડના ચોરા પાસેના ઓટલા ઉપર ગપ્પાં મારે અને અભ્યાસના વાંચનનું કંઈ ઠેકાણું ન જણાય, એટલે પ્રથમ વર્ષમાં એ નપાસ થયો. નડિયાદનાં છોકરાંઓની સોબત છૂટે એ વિચારથી ચંદુભાઈએ નિરંજનને

અમદાવાદમાં મારા દિયર મનુભાઈને ત્યાં રહીને કૉલેજ કરે એવો ફેરફાર કર્યો. ચાર વર્ષે બી.કોમ. તો થઈ ગયો, પણ ટકા ઓછા આવ્યા હતા, તેમ છતાં નિરંજનની ઈચ્છા તો સી.એ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાની હતી. બધાંએ મત આપ્યો કે એ પરીક્ષા ઘણી અઘરી છે અને પરિણામ ખૂબ ઓછું ૩ થી ૪ ટકા જેટલું જ આવે છે. છતાં સી.એ. થવાના વિચારોમાં એ રાચ્યા કરતો હતો. છેવટે ચંદુભાઈએ કહ્યું કે મોટાને આપણે પૂછીએ અને જો મોટા, હા કહે તો પોતાની મંજૂરી હશે.

આ વાત પછી અમો મોટાને પૂછવા આશ્રમે જઈએ, એ પહેલાં વહેલો સાઇકલ ઉપર નિરંજન આશ્રમમાં મોટા પાસે પહોંચી ગયો હતો. આટલા વહેલા આશ્રમમાં આવવાના કારણ અંગે મોટાએ તો તરત પ્રશ્ન કર્યો. નિરંજને કહ્યું કે મારે સી.એ. થવું છે, પણ ઘરનાં બધાંની સંમતિ મળતી નથી. મોટાએ પણ અમારી જેમ જ કહ્યું કે એ પરીક્ષા ઘણી અઘરી છે અને તારા માર્ક્સ-ટકા-બહુ ઓછા છે.

શ્રીમોટા અને નિરંજન વચ્ચે આ વાતચીત ચાલતી હતી તે સમયે અમો બધાં નિયમ મુજબ આશ્રમમાં પહોંચ્યાં. એટલે મોટાએ અમને બધાંને કહ્યું કે જુઓને ! આ નિરંજનને સી.એ. થવું છે. અમે બધાંએ નકારમાં ડોકાં હલાવ્યાં. બધાંનો મત હતો કે એ પરીક્ષા ઘણી અઘરી છે.

આમ છતાં નિરંજનનો આગ્રહ જોઈને મોટાએ તેને કહ્યું કે સી.એ. થતાં સુધી તારે કોઈ એક નિયમ પાળવો પડશે. તને જે કોઈ ખૂબ મનગમતી વસ્તુ હોય તેનો સી.એ. થતાં સુધી ત્યાગ કરવો પડશે. નિરંજનને સિનેમા જોવી ખૂબ ગમે. એટલે મોટાએ કહ્યું કે જ્યાં સુધી સી.એ. ન થવાય ત્યાં સુધી સિનેમા જોવાની કે તેને લગત કશી જ પ્રવૃત્તિ કરવી નહિ. એવું વ્રત લેવાનું કહ્યું. નિરંજને એ માટે હા પાડી. આમ થવાથી મોટાની સંમતિ મળી ગઈ. નિરંજને પણ સી.એ. થતાં સુધી સિનેમા નહિ જોવાની ટેક અદ્‌ભુત રીતે પાળી હતી. શ્રીમોટાની કૃપાથી નિરંજન સી.એ. થઈ ગયો. એ સમય દરમિયાન એના બધા ભાઈબંધો સિનેમા જોવા જાય, તે અંગેની વાતો કરે ત્યારે નિરંજને મોટાને આપેલું વચન બરાબર રીતે પાળ્યું હતું. એ દરમિયાન એના મનમાં જે સંઘર્ષ ચાલતો હશે તે તો તે જ જાણે. જોકે એમાં મોટાની સૂક્ષ્મ મદદ મળતી હશે એની ના ન પાડી શકાય.

અમારી દીકરી સરોજ આશ્રમ જતી ત્યારે કેટલાક છોકરાઓ તેને રસ્તામાં પજવતા હતા. તેના કારણે તેને જે પરિસ્થિતિમાં મુકાવાનું બનતું તે મોટા પોતે પોતાના ઉપર લઈ લેતા. ડૉ. વિનોદચંદ્ર અમીન પાસે આવા એક દિવસે મોટાએ પોતાની નાડી તપાસડાવી તો સરોજની નાડી જેટલી જ મોટાની નાડી પણ હતી.

સરોજની પરીક્ષાના દિવસો નજીક હતા અને તેને આંખની તકલીફ થઈ આવી. તેને ઓળી નીકળ્યા હતા તેની અસર આંખમાં પણ હતી. મોટાને મળવા જવાનું મન સરોજને થતું, પણ મોટાએ સામેથી કહેવડાવ્યું કે તું આશ્રમમાં ન આવીશ. હું તને તારા ઘેર મળી જઈશ અને ખરેખર એક સાંજે મોટા આવી ગયા. તેઓશ્રીએ સરોજને કહ્યું કે તું પ્રાર્થના કર કે હું માંદી ન પડું. તે પછી બેત્રણ દિવસમાં એ રોગ મટી ગયો હતો.

અમારી દીકરી ઉષા શ્રીમોટાને મળવા

માટે શ્રી ચીનાઈના ઘેર મુંબઈ ગઈ હતી. મેડિકલમાં અભ્યાસ કરતી હતી. શ્રીમોટાએ ઉષાને કહ્યું કે તારો ફર્સ્ટ ક્લાસ આવે તો તારા પિતાજી પાસેથી કશું લેવાનું નહિ. એ રીતે તારું પોતાનું તું મને શું આપીશ ? શ્રીહરિકૃપાથી પ્રથમ વર્ગમાં તે પાસ થઈ. નડિયાદના કાકરખાડના જે બાળક મેડિકલમાં પ્રથમ વર્ગમાં પાસ થાય તેવાં બાળકોને સ્કૉલરશિપ અપાતી હતી. આ સ્કૉલરશિપની બધી જ રકમ ઉષાએ પૂજ્ય શ્રીમોટાને ધરી દીધી હતી. આ રીતે મોટાનો અણસાર ઉષાથી પરિપૂર્ણ થયો હતો.

ડૉ. વિનોદચંદ્ર અમીન, તેમનાં ધર્મપત્ની ડૉ. મુક્તાબહેન સાથે પૂજ્ય શ્રીમોટાના ઉત્સવમાં સુરત ગયાં ત્યારે ઘરમાં નાનાં બાળકોની દેખભાળ રાખવા અને ઘરનું ધ્યાન રાખવા માટે અમે બન્ને હું અને ચંદુભાઈ ડૉ. અમીનના ઘરમાં રાત્રે રોકાણ માટે ગયાં હતાં. તે રાત્રે અમે બન્નેએ શ્રીમોટા અને શ્રી નંદુભાઈને એ ઘરના એક બારણામાંથી પ્રવેશ કરી બીજા બારણેથી નીકળી જતા જોયા હતા. આ દર્શનથી અમને ખ્યાલ આવ્યો હતો કે ડૉ. અમીનના ઘરની દેખરેખ શ્રીમોટા રાખે છે. એક અર્થ એવો પણ થાય પૂજ્યશ્રીના ઉત્સવમાં જે સ્વજન જાય તેના ઘરની અને પરિવારની કાળજી મોટા રાખે છે અને એ કાર્યમાં શ્રી નંદુભાઈને પણ સાથે રાખે છે.

અમદાવાદના શ્રી ઈન્દ્રવદન શૅરદલાલનાં લગ્ન પ્રતાપભાઈ ઉપાધ્યાયની દીકરી જયશ્રી સાથે પૂજ્ય શ્રીમોટા રચિત વિધિ પ્રમાણે હરિઃૐ આશ્રમ નડિયાદમાં કરાવવાનાં હતાં. અમો બન્ને એ પ્રસંગમાં હાજર રહેલાં. જોકે તે રાત્રે અમારે ટ્રેનમાં મુંબઈ જવાનું હતું, એટલે થોડોક સમય હાજરી આપીને નીકળી જવાનું અમારું આયોજન હતું, પણ બન્યું એવું કે કંકુની કંકાવટી મોટાએ મને હાથમાં આપી અને બધાંને કંકુના ચાંલ્લા કરવાનું કહ્યું. આ કામ પૂરું કરવામાં જે સમય જાય તેટલો સમય અમારે રોકાવાનું તો હતું જ નહિ. શ્રીમોટાને ના કહેવાનું પણ ગમે નહિ. એટલે મનમાં હું મૂંઝાતી તો હતી જ. એ જ અરસામાં મારો નાનો દીકરો હરીશ અમારી પાસે આવ્યો અને અમને કહ્યું કે મુંબઈથી ફોન આવ્યો છે કે તમારે મુંબઈ જવાનું નથી. એ સાંભળીને મને મનમાં હળવાશ થઈ. આજે તો હવે સ્પષ્ટ સમજણ અને એનો સ્વીકાર છે કે શ્રીમોટા અંતર્યામી હોઈ તેમ જ કાળાતીત હોવાથી કઈ ઘટના ક્યારે બનશે તેની આગોતરી જાણકારી નિમિત્તયોગે તેઓને સહજ રીતે થાય છે.

અમારી દીકરી સુધાને પ્રથમ પ્રસૂતિના સમયે કંઈક વિલંબ થઈ રહ્યો હશે એવું લાગવાથી ડૉ. મુક્તાબહેને શ્રીમોટાને કહ્યું કે આ સુધાને ક્યાં સુધી રાહ જોવડાવશો. ડૉ. મુક્તાબહેન, મોટા સાથે સહજ છૂટછાટથી વાતચીત કરવાના સ્વભાવવાળાં હતાં. અમે બન્ને દંપતી આશ્રમમાં પૂજ્ય શ્રીમોટા સાથે વહેલી સવારે સત્સંગ કરી ત્યાર બાદ થોડુંક ફરવા માટે (મૉર્નિંગ વોક) સમય લેતાં હતાં. ડૉ. મુક્તાબહેને જ્યારે શ્રીમોટાને સુધાની પ્રસૂતિ અંગે પ્રશ્ન કર્યો ત્યારે મોટાએ કહ્યું કે આજે તમે ફરવા ન જશો. એટલે આશ્રમથી નીકળી સીધા ઘેર પહોંચ્યા કે તુરંત સુધાને દવાખાને પ્રસૂતિ માટે લઈ જવાનું બન્યું હતું.

અમારાં બાળકો અને મારા દિયર મનુભાઈનાં બાળકો મારાં નણંદ કુમુદબહેનને ફોઈ કહે એટલે અમદાવાદનાં સ્વજનો પણ તેઓને ફોઈ તરીકે સંબોધતાં હતાં. મારાં સાસુનું નામ દિવાળીબા હતું. કુમુદ ફોઈના ત્યાં એક વખત અમારો આખો પરિવાર ભેગો થયો હતો. શ્રીમોટાની પધરામણીનું નિમિત્ત હતું. એ દિવસે મોટાએ ફોઈબાને કહ્યું કે તારા ભાઈઓ તારી બાને કાઢવા માગે છે (એટલે કે હવે બા સ્વધામ સિધાવે એવું ઈચ્છે છે) કુમુદ ફોઈએ તરત જ મોટાને જવાબ આપ્યો કે મારા ભાઈઓ એવા નથી. એ સાંભળીને મોટાએ માત્ર થોડું હાસ્ય કરેલું પણ અમને કોઈને ખ્યાલ નહિ આવેલો કે બા હવે થોડા સમયના મહેમાન છે, એમ મોટા કહેવા માગે છે. અને બન્યું પણ એમ જ. એ પ્રસંગ પછી એક મહિનામાં જ દિવાળીબાનો દેહાંત થયો હતો.

એક વખત મારે મૌનમાં બેસવાનું થયેલું પણ જાણે કે કશું જ ગમતું ન હોય તેવી મનની સ્થિતિ હતી. નામસ્મરણ, પ્રાર્થના, વાંચન કે મંત્રલેખન કશામાં ચિત્ત સ્થિર થતું નહિ. આ કંટાળાભર્યા સમયે મોટા, મૌનરૂમના બંધબારણા પાસે બપોરે આવીને મોટેથી બોલીને મને પૂછ્યું કે શું કરે છે ? એટલે મેં ઉત્તર આપ્યો કે મારાથી તો કશું થતું નથી. મોટાએ ચોપડી વાંચવાનું મને કહ્યું. તે પછી મારા આશ્ચર્ય સાથે છેક સાંજ સુધી ચોપડીનું વાંચન રસપૂર્વક થયું અને સાથે સાથે નામસ્મરણ પણ થયું. હવે થાય છે કે એમાં મોટાના શબ્દની શક્તિ હતી એટલે એ થયું.

મારા દિયર મનુભાઈનાં પત્ની જયનંદાબહેન શરીરે ખૂબ દાઝી ગયાં હતાં અને અમદાવાદની વિ.એસ. હૉસ્પિટલમાં દાખલ કર્યાં હતાં. તેમની તબિયતમાં સુધારો જણાતો હતો. શ્રીમોટા, અમદાવાદમાં હતા એટલે અમે બન્ને તેઓને મળવા ગયાં અને હરવખતની જેમ અમે ભેટ મૂકતાં હતાં તે મોટાએ ના સ્વીકારી અને કહ્યું કે હમણાં નહિ. એ અઠવાડિયામાં જયનંદાબહેનનો દેહાંત થયો. પાછળથી મોટાએ કહેલું કે સામાન્ય રીતે એ ભેટ સ્વીકારે નહિ એવું ઓછું બને છે, પરંતુ એ વખતે અને નજીકના ભવિષ્યમાં પરિવારમાં જે ઘટના બનવાની હતી તેનો ખ્યાલ રાખીને ભેટનો અસ્વીકાર કરેલો.

શ્રીમોટાની ડભાણ મુકામે પધરામણી હતી. શ્રી ચંદુભાઈ, નડિયાદથી ડભાણ શ્રીમોટાને મળવા-દર્શન કરવાં ગયા હતા. એ અરસામાં શ્રીમોટાનું ટિફિન આવ્યું. એટલે ચંદુભાઈએ કહ્યું કે હવે હું નડિયાદ જઉં છું. ડભાણ બસ સ્ટૅન્ડે થોડા થોડા સમયે બસ મળે જ, પણ એ દિવસે અડધા કલાક સુધી બસ સ્ટૅન્ડે ચંદુભાઈને રાહ જોવી પડી. એટલામાં મોટાના કહેવાથી એક માણસ ચંદુભાઈને બોલાવવા માટે આવ્યો અને કહ્યું કે મોટા તમને બોલાવે છે. ચંદુભાઈ, મોટા પાસે ગયા તો ખરા પણ કહ્યું કે તમારા પૂરતું ટિફિન આવ્યું હોય ત્યાં અમારે ક્યાં એમાં ભાગ પડાવવો. મોટાએ કહ્યું કે અમે એવા કાચા નથી કે ટિફિનમાં પૂરતું ન હોય અને તમને બોલાવીએ પણ એની સાથે એક મર્મ વાક્ય પણ બોલ્યા કે **'મારે તો તમને ઘણું બધું આપવું છે.'**

શ્રી ચંદુભાઈ એક વખત મૌનમાં બેઠા હતા. શ્રીમોટાના ફોટા સામે અગરબત્તી કરી. થોડીક

વારમાં એક પ્રકાશ અને પ્રકાશમાંથી સુંદર કમળ જેવું દૃશ્ય દેખાવા માંડ્યું. થોડાક સમય સુધી એ જોઈને તેઓ સૂઈ ગયા, પણ બીજે દિવસે શ્રીમોટાને બધી વાત કરી એટલે મોટાએ સલાહ આપી કે આવું દેખાય ત્યારે સૂઈ નહિ જવાનું. પણ જ્યાં સુધી એ દેખાતું બંધ ન થઈ જાય ત્યાં સુધી એનાં દર્શન કર્યાં કરવાનાં. જો સૂઈ જઈએ તો એનો ફાયદો ન મળે.

શ્રીમોટા, ગુણ અને ભાવ કેળવવા ઉપર ભાર મૂકતા હતા. એક દિવસ તેઓએ મને કહ્યું કે આજે રાત્રે બાર વાગ્યા પછી આખી રાત આશ્રમ, (નડિયાદ) ચારેબાજુની જે મેદીની વાડ હતી તેની બહાર રાઉન્ડ મારવાના. હાથમાં બૅટરી રાખવાની અને રાઉન્ડ મારતાં મારતાં જ્યારે મોટાની ઓરડી પાસેથી પસાર થવાનું બને ત્યારે મોટેથી હરિઃૐ બોલવાનું. મેં રાઉન્ડ મારવાની શરૂઆત કરી. ત્યારે મોટા, આશ્રમના દરવાજા સુધી મને મૂકવા માટે આવ્યા હતા. બહાર અંધારું ઘોર અને કૂતરાં ખૂબ ભસે એટલે બીક તો લાગતી હતી જ, છતાં મોટા સાથે છે એ વાતથી હૈયાધારણ રહેતી. આ પ્રયોગથી મારામાં નિર્ભયતા કેળવવાનો એક નાનકડો પ્રયોગ કરાવેલો.

નડિયાદના આશ્રમમાં જે ઘેઘૂર વડલો છે તેની ઉપર ડાળીઓની વચ્ચે એક પાટિયું મોટાએ ગોઠવેલું. ત્યાં બેસીને નામસ્મરણ કરતાં કરતાં એક રાત પસાર કરવાનું મોટાએ મને કહેલું. એક નિસરણી જેવું હતું તેના ઉપરથી ચઢીને એ પાટિયા ઉપર રાતના બારથી પરોઢિયાના પાંચ સુધી બેસીને નામસ્મરણ કરેલું. આ પ્રયોગ પણ નિર્ભયતા કેળવવાની દિશાનો જ હતો. આ વડ ઉપર અને આસપાસ એક નાગ હરેફરે છે એની જાણ અનેક સ્વજનોને છે.

મને કેડના મણકાનું દર્દ થયેલું અને મુંબઈ જઈને ડૉક્ટરને બતાવેલું. ડૉક્ટરે જણાવેલું કે ખાસ કોઈ તકલીફ નથી. મુંબઈથી નડિયાદ આવીને શ્રીમોટાને મળવા આશ્રમે જવાનું બન્યું ત્યારે મોટાએ પૂછેલું કે મુંબઈના ડૉક્ટરે શું કહ્યું ? જે હતું તે મેં મોટાને જણાવ્યું પણ મોટા કહે કે મુંબઈ ફરી જઈને ડો. ધોળકિયાને કન્સલ્ટ કરી આવો. અમે ફરીથી મુંબઈ ગયાં તો ડૉક્ટરે કહ્યું કે મણકાની તકલીફની શરૂઆત થઈ ગઈ છે અને એ માટેનો પટ્ટો આવે છે, તે પહેરવો પડશે. તે પછી ફરીથી મોટાને મળવાનું થતાં મોટાએ શુભેચ્છાથી કહેલું કે ચિંતા કરીશ નહિ. તને બધું મટી જશે અને સારું થઈ જશે. એટલે આપણને સાચેસાચી રીતે તકલીફ તો છે જ પણ શ્રીમોટાની કૃપાથી એમાં રાહત થઈ એનો ખ્યાલ આવ્યો હતો. મારે કમરનો પટ્ટો પહેરવો પડેલો નહિ.

પૂજ્ય શ્રીમોટાની મોટાઈનો, એમની મહત્તાનો આછેરો ખ્યાલ પણ અમોને ઘણો મોડેથી આવવા માંડેલો. એટલે હાલ તો પસાર થઈ ગયેલાં જીવનપંથનાં વર્ષો ઉપર નજર ફેરવતાં જે થોડા ઘણા નાનામોટા પ્રસંગોની આછીપાતળી સ્મૃતિ જળવાઈ રહી છે, તે ટૂંકમાં વર્ણવી છે. એકંદરે અમારા આખા પરિવાર ઉપર શ્રીમોટાની મીઠી નજર હોવાના અમને સૌને એકથી વિશેષ વખત ખાતરીપૂર્વકના અનુભવ થયા છે. એમાંથી જે કંઈ થોડું લખાયું છે, એ શ્રીમોટાનાં ચરણકમળે સમર્પિત કરીએ છીએ. હરિઃૐ. ❑

## (૪) શ્રીજીમહારાજ અને દાદા ખાચર (પૂર્ણ)

સં. પ્રભુદાસ જાની

### કસોટીના પ્રસંગો

(૧)

અમરેલીના દીવાન બાબાજી શ્રીજીમહારાજના કટ્ટર વિરોધી હતા. તેમણે વિચાર્યું કે ભગવાન સ્વામીનારાયણને રાખનાર દાદા ખાચર છે. માટે એને જ પકડી લઈએ. ચારસો-પાંચસોનું લશ્કર લઈને ગઢપુરની ચારે બાજુએ ઘેરો ઘાલ્યો.

મહાપ્રભુજીને આ અંગેના સમાચાર મળ્યા એટલે ઉતાવળે ઉતાવળે તેઓ આવ્યા દાદાના ઓરડે અને જલદીથી બારણાં ખોલવા દાદાને કહ્યું. આંખો ચોળતાં દાદાએ દ્વાર ખોલતાં મહારાજનાં ચરણમાં નમ્યા. મહારાજે દાદાને ખબર આપ્યા કે તને પકડવા ચારેબાજુ લશ્કર ગોઠવાયું છે ને તને ઊંઘ કેમ આવે છે ? દાદા ખાચરે કહ્યું, 'મહારાજ ! તમે તો જાગો છો એટલે જ હું નિરાંતે સૂતો છું. તમે તો સદાય મારી રક્ષામાં જ છો. ધાર્યું તો આપનું જ થવાનું છે. પછી મને શાની ચિંતા હોય.'

શ્રીજીમહારાજે એવી લીલા કરી કે બધા સિપાઈ-સૈનિક નાસી ગયા.

(૨)

એક વખત ભાવનગરના કારભારી આરબની મોટી ફોજ લઈને ગઢપુર આવ્યા. દાદા ખાચરને કહેવડાવ્યું કે સ્વામીનારાયણને નહિ કાઢો તો તમારો ગરાસ લઈ લઈશું અને આખા ગામ પર જપ્તી કરીશું.

સૈનિકો બંદૂકો લઈને લડાઈ કરવા તૈયાર થઈ ગયા. દાદા ખાચર સહેજ પણ ડગ્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજે કંઈક એવું ઐશ્વર્ય દેખાડ્યું કે બધા નાસી ગયા.

બીજી વખત ભાવનગરના રાજા ત્રણ હજાર મારવાડાને હથિયારો સાથે લઈને આવ્યા. ગઢપુરમાં હાહાકાર મચાવ્યો. દાદાને કહેવડાવ્યું કે સ્વામીનારાયણને કાઢી મૂકો નહિતર તમારો ગરાસ લઈ લઈશું.

દાદા ખાચર તો બિલકુલ સ્થિતપ્રજ્ઞ હતા. શ્રીજી મહારાજે એવું સામર્થ્ય દેખાડ્યું કે લશ્કરને હજારો માણસો દેખાડ્યા. એ જોઈને સૌ ભાગી ગયા.

(૩)

એક વખત વડોદરાના દીવાન ૨૦૦૦ માણસો લઈને આવ્યા અને કહેવડાવ્યું કે સ્વામીનારાયણને કાઢી મૂકો નહિતર તમારો ગરાસ લઈ લઈશું. દાદા ખાચરે તો જવાબમાં કહેવડાવી દીધું કે ભલે ગરાસ લઈ લેવો હોય તો લઈ લો પણ સ્વામીનારાયણ ભગવાન તો મારો શ્વાસ છે. એટલે એ તો નહિ જ જાય. આ વખતે પણ શ્રીજીમહારાજે કંઈક એવો ચમત્કાર કર્યો કે સૌ ભાગી ગયા.

આ ત્રણે પ્રસંગોમાં દાદા ખાચર માટે બહુ જ વિકટ પરિસ્થિતિનું સર્જન થયું હતું, પરંતુ તેમની એકધારી સમજણ અને શ્રીજીમહારાજ માટે બધું કુરબાન કરવાની ભાવના એકધારી ટકી રહી.

સ્વામી ભગવાને કહેલું કે **આપત્તિ આવ્યે ત્યારે સમજણની કસોટી થાય અને સંપત્તિ આવ્યે ત્યારે વૈરાગ્યની કસોટી થાય.**

દાદા ખાચરની એકધારી નિષ્ઠાભરી ભક્તિ હોવાના કારણે જ શ્રીજીમહારાજ એમના દરબારમાં ૨૮ વર્ષ સુધીના સમય માટે રોકાણ કરી રહ્યા હતા. દાદા ખાચરની બહેનો અને આખો પરિવાર ભગવાનની, સંતોની અને ભક્તોની સેવા દાસનાયે દાસ થઈને કરતા રહ્યાં હતાં. (પૂર્ણ)

'થવું છે દાદા ખાચર જેવા ?', પ્ર.આ., માર્ચ, ૨૦૧૦માંથી સાભાર સંકલન ❑

## (૫) ગટરની ગંગા

શ્રીઉપાસની મહારાજ

એક દિવસ એક ગૃહસ્થ કાશીથી શ્રીઉપાસની મહારાજને ગંગાનાં પાણીનું સ્નાન કરાવવાના હેતુથી ગંગાજળ લઈ આવ્યા અને આખા શરીર ઉપર, માથાથી તે પગ સુધી, તે ગંગાજળ રેડવા દેવા માટે મહારાજને વિનંતી કરી. મહારાજે કહ્યું, 'ગંગા એ પાપીજનોને પવિત્ર કરે છે અને પાપી લોકો તેનાથી પવિત્ર થાય છે, માટે તમો મારા શરીર પર નાખવા માટે ગંગાજળ લાવ્યા તો તેથી તમારો મોટો ઉપકાર થયો છે, કારણ હું મહાપાપી છું, પરંતુ મારે કહેવું પડે છે કે મારાં પાપો એટલાં બધાં છે કે કોઈ પણ પવિત્ર કરનારી ગંગા જેવી નદીઓથી મારાં પાપો ધોવાવાં શક્ય નથી. મારે વિનાકારણ બિચારી તે ગંગાને શું કામ ત્રાસ આપવો ? તમો લોકોનાં પાપો ગંગા વડે સહેજમાં ધોવાઈ જાય છે, કારણ તમારાં પુણ્ય પુષ્કળ અને પાપ થોડાં, તેથી ગંગાનો ઉપયોગ તમો લોકો કરો તે જ ઉત્તમ. મારી પર ગંગાજળ નાખ્યાથી મારાં પાપો કોઈપણ પ્રકારે કમી થઈ શકે એમ નથી. હું કેવળ પાપ મૂર્તિ જ તો છું.' આવી રીતે મહારાજે પોતાના શરીર પર ગંગાજળ ન નાખવા માટે અનેકવાર કહ્યું. પણ પેલા ગૃહસ્થે મહારાજના શરીર પર ગંગા નાખવાનો આગ્રહ છોડ્યો નહિ. છેવટે મહારાજે શાંતિથી કહ્યું કે, 'હવે તારા મનમાં જ છે તો નાખ, પરંતુ આ તારી ગંગા રેડ્યા પછી મારી બીજી ગંગા છે, તે ગંગામાં મારે નાહવું પડશે. તમો લોકોની ગંગા કાશીમાં જ છે, પણ મારી ગંગા ફાવે ત્યાં છે. પાયખાનાં (જાજરૂ)માંથી વહેતું આવે છે તે પાણી અને ગામમાંથી ગટરનું ગંદું વહી આવે છે તે પાણી મારી ગંગા છે. તમો આ કાશીની ગંગા મારા શરીર પર નાખો એટલે મારી ગંગાનું પાણી મારા શરીર પર રેડવું પડશે. તો પછી તમોએ રેડેલા ગંગાજળનું શું રહ્યું ?' છતાં કશું ન સાંભળતાં તેણે તો મહારાજના શરીર પર તે ગંગાજળ ઠાલવ્યું. અર્ધોક લોટો મહારાજના શરીર પર રેડી બાકી રહેલું ગંગાજળ બધાં બેઠાં હતાં તેમના હાથમાં તીર્થ તરીકે સ્ત્રી પુરુષોને આપ્યું. તે વખતે એવો ચમત્કાર થયો કે મહારાજના શરીર પર રેડતી વખતે જે જળને બધાં શુદ્ધ સ્વચ્છ ગંગાજળ જોતાં હતાં તે જ ગંગાજળ તે જ લોટામાંથી બધાંના હાથ પર રેડતી વખતે ગંગા ગટરનાં પાણી જેવું બધાંને દેખાયું. મહારાજે કહ્યું, 'જુઓ મારી ગંગા તે ખરી. તમારી ગંગા ગઈ અને મારી ગંગા એટલે ગટરનું પાણી તમારા લોટામાં આવ્યું. તમારી કાશીની ગંગા કરતાં પણ મારી ગંગાનું માહાત્મ્ય વધારે હશે. તેથી તમારા લોટામાં જે કાશીનું ગંગાજળ હતું (કાશીની ગંગા હતી) તેણે પણ મારી ગંગાનું રૂપ ધારણ કરી મારી જ ગંગા ખરી છે તે વાતની ખાતરી કરી આપી. હવે મારી ગંગામાં જઈ મારે સ્નાન કરવું જોઈએ. આ ગૃહસ્થે મારા શરીર પર કાશીની ગંગા તો રેડી પણ મારી ગંગા કોઈ મારા શરીર પર રેડશે કે ? જો કોઈ લાવીને નહિ રેડે તો હું તો આ જાઉં છું. મારી ગંગામાં એટલે ગટરમાં સ્નાન કરવા. મારા કહ્યા પ્રમાણે મારી ગટરમાંની ગંગાનું જળ લાવી મારા શરીર પર રેડનારને પણ ખૂબ પુણ્ય પ્રાપ્ત થશે.' ❑

## (૬) ક્રોધ

**સ્વામી કૃપાલ્વાનંદ**

શારીરિક અને માનસિક વિકૃતિ કરનાર ક્રોધનું જો ચિત્ર દોરવું હોય તો એક અતિ ભયંકર રાક્ષસની કલ્પના કરવી પડે. ક્રોધથી મુખરેખાઓ કઠોર થઈ જાય છે. મસ્તિષ્ક અસ્થિર થઈ ગયું હોવાથી પ્રત્યેક ઇંદ્રિય પરથી અધિકાર ઊઠી જાય છે. ગાત્રો કંપે છે, કંઠ શોષાય છે, જીભ ખેંચાય છે તેથી વાક્યરચના પણ કઢંગી બને છે. ક્રોધમાં સારાસારનું ભાન રહેતું નથી. તેથી ગુપ્ત રાખવા જેવી વાતો પણ પ્રકટ કરી દેવાય છે. ન બોલવાનું બોલી પડાય છે. સાચું કહીએ તો તે કાળે કેટલીક દમિત વાસનાઓનાં બીભત્સ સ્વરૂપ વાણી કે શરીર દ્વારા પ્રત્યક્ષ થાય છે.

ક્રોધ શરીર અને મનના સંપૂર્ણ તંત્રને અવ્યવસ્થિત કરી નાખે છે. ક્રોધી વ્યક્તિની નિકટ જતાં વ્યક્તિઓ ભય પામે છે. એવી વ્યક્તિ સઘળાના સ્નેહથી વંચિત રહે છે. ક્રોધ વ્યક્તિમાત્રના મનમાં પ્રકટે છે, પરંતુ જે વ્યક્તિઓ ક્રોધાવસ્થામાં પણ ન્યૂનાધિક વિવેક રાખી શકે છે, તે વ્યક્તિઓ અલ્પકાળમાં શાંત થઈ જાય છે અને ક્રોધાવેશમાં કરેલી ભૂલોને સુધારવાનો પ્રયત્ન કરે છે. તેમ જ તે અવસ્થામાં કરેલ નિશ્ચયો, પ્રતિજ્ઞા ઇત્યાદિ અનુચિત જણાય છે તો તેનો પરિત્યાગ કરે છે.

ક્રોધીનું મસ્તિષ્ક અસ્થિર અવસ્થામાં જ રહે છે અને પેટ્રોલ જેવા તરત જ સળગી ઊઠતા પદાર્થોની જેમ તે તરત જ ભભૂકી ઊઠે છે. તે સ્નેહીની રુચિ-અરુચિ પર ધ્યાન આપ્યા વિના સ્નેહનો નિર્વાહ કરી શકતો નથી. પોતાના પ્રિયજનને આ વિચાર કે ક્રિયા ગમશે કે નહિ તેનું ધ્યાન ક્રોધી વ્યક્તિ રાખી શકતી નથી. એથી તેને કોઈ વિશ્વાસપાત્ર ગણતું નથી. ક્રોધી મનુષ્યમાં અને ઉન્મત્ત મનુષ્યમાં અધિક અંતર હોતું નથી.

આપણે જો આ ક્રોધનું કારણ શોધવા પ્રયત્ન કરીશું તો આપણને તેના કારણમાં અવરોધાયેલી તૃષ્ણા જ પ્રાપ્ત થશે, **તૃષ્ણા ન સંતોષાય તો નિરાશા જન્મે છે. ત્યારે વ્યક્તિ ક્રોધે ભરાય છે.**

ભારતીય પ્રાચીન મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો ક્રોધ રજોગુણમાંથી પ્રકટે છે. રજોગુણની અતિવૃદ્ધિ થાય ત્યારે તમોગુણ પ્રબલ બને છે. તમોગુણીની નિદ્રામાં કોઈ વિક્ષેપ કરે તો ક્રોધની ઉત્પત્તિ સહજ થાય છે. આ રીતે જોતાં ક્રોધના મૂળમાં શારીરિક કે માનસિક અવસ્થા રહેલી છે. આ બન્ને અવસ્થાઓ ભેગી પણ હોઈ શકે છે. ટૂંકમાં પ્રતિકૂળ વાતાવરણ ક્રોધ જન્માવે છે. ક્રોધને વશ કરવા ઇચ્છનારી વ્યક્તિ જો અનુકૂળ વાતાવરણ જન્માવી શકતી નથી તો ક્રોધ પર વિજય પ્રાપ્ત કરી શકતી નથી. ક્રોધ વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર કે વિશ્વમાં વિસંવાદ જન્માવે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ક્રોધ અંગેના શ્લોકોનું ગીતાગુંજનમાં જે ભાવ વ્યક્ત થયો છે, તે નીચે મુજબ છે :-

**'વિષયો ચિંતનારાને તેમાં આસક્તિ ઊપજે,**
**જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ સંભવે.**
**ક્રોધથી થાય છે ભ્રાન્તિ, ભ્રાન્તિથી સ્મૃતિવિભ્રમ,**
**સ્મૃતિભ્રંશથી ધીનાશ, ધીનાશથી નશે નર.'**

મનુષ્યના મનને પ્રેમની ભૂખ હોય છે. જો તે ન સંતોષાય તો વ્યક્તિના જીવનમાં અશાંતિ ઊપજે છે. તેમાંથી તેના સ્વભાવમાં થતી વિકૃતિઓમાં ક્રોધનો પણ સમાવેશ થાય છે.

'આસન અને મુદ્રા' બી.આ., પૃ.૩૯૮ ❑

# (૭) ગુરુભક્તિ બ્રહ્મજ્ઞાનનું જન્મસ્થાન છે

**સંત જ્ઞાનેશ્વર**

શ્રીકૃષ્ણ ભગવાને વીર અર્જુનને કહ્યું કે હે ચતુરશ્રેષ્ઠ હવે હું તને ગુરુભક્તિનું વર્ણન કહું છું. તે સાંભળ :-

**આ ગુરુસેવા સર્વ ભાગ્યોની જન્મભૂમિ છે,** કારણ કે શોકથી ગ્રસ્ત થયેલા જીવને તે બ્રહ્મસ્વરૂપ બનાવે છે. જે પ્રમાણે ગંગા પોતાનું સર્વ ઉદક લઈને સમુદ્રને મળે છે, તે પ્રમાણે ગુરુભક્ત પોતાનું સર્વસ્વ ગુરુકુળમાં અર્પણ કરી દે છે. પોતાના શરીરને તે ગુરુભક્તિનું ઘર બનાવે છે. ગુરુગૃહ જે દિશામાં હોય તે દિશા નિરંતર તેના મનમાં ઘોળાયા કરે છે. **'મારે ઘેર પધારો'** એવી **પ્રાર્થના એ ગુરુને કરે છે.** ગુરુના ગામમાંથી કોઈ માણસ આવે અથવા ગુરુએ પોતે કોઈ એકાદ માણસને મોકલ્યો હોય તો ગુરુભક્તને એવી લાગણી થાય છે કે જાણે કંગાલ મનુષ્યને દ્રવ્યનો ભંડાર હાથ લાગ્યો હોય કે ખાબોચિયાનું માછલું સમુદ્રમાં આવી ગયું હોય અથવા તો જાણે કે જન્માંધને એકાએક દૃષ્ટિની પ્રાપ્તિ થઈ હોય. ગુરુકુળનું નામ સાંભળતાં ગુરુભક્ત અતિશય પ્રફુલ્લિત થઈ આકાશને બાથમાં ભરી લેવા તત્પર થાય છે. આવા ગુરુભક્તમાં જ્ઞાન તો સેવક તરીકે રહેલું જ હોય છે.

ગુરુભક્ત અંતઃકરણમાં અત્યંત પ્રેમયુક્ત થઈ શ્રીગુરુમૂર્તિની ધ્યાનોપાસના કરે છે. પોતાના શુદ્ધ હૃદયરૂપી મંદિરમાં પોતાના આરાધ્યદેવ શ્રીગુરુની સ્થાપના કરીને, પોતે જ પોતાની ભાવનાથી પૂજાનું સાહિત્ય બને છે. જ્ઞાનરૂપી શિવલિંગની સ્થાપના કરીને તે ઉપર ધ્યાનરૂપી અમૃતથી અભિષેક કરે છે અને પોતાના દેહાભિમાનરૂપી ધૂપને બાળે છે. જ્ઞાનરૂપી દીપક વડે તે ગુરુરૂપી શ્રીશંકરની નિત્ય નિયમિતતાથી આરતી ઉતારે છે. આ રીતે પ્રેમના યોગથી પોતાની બુદ્ધિમાં એવાં એવાં કૌતુક ધારણ કરે છે.

એકાદ વેળાએ મનમાં ગુરુ પ્રત્યેની પ્રીતિનો ઉમળકો આવતાં, તે ઉમળકાને જ ગુરુભક્ત ક્ષીરાબ્ધિ માને છે. ગુરુધ્યાનથી ઉત્પન્ન થનાર સુખરૂપી શેષશય્યામાં ગુરુ એ જાણે વિષ્ણુ જ નિદ્રાગ્રસ્ત થયેલા છે અને તેનાં ચરણ સેવનારી લક્ષ્મી જાણે કે પોતે જ છે એવું એ સમજે છે. વળી, પોતે જ ગરુડ બની બે હાથ જોડી ગુરુની સમક્ષ સેવાતત્પર બની ઊભો રહે છે.

અથવા તો હે અર્જુન ! જ્ઞાનરૂપી વૃક્ષની નીચે ગુરુને જ ગાય માની, પોતે તેની પાછળ લાગેલો વાછરડો બને છે. કોઈવાર તે એવી ભાવના કરે છે કે ગુરુકૃપા એ જ અમૃતની વૃષ્ટિ છે અને પોતે ગુરુસેવકરૂપી છોડ છે. એવા જુદા જુદા સંકલ્પો તેના મનમાં ઉત્પન્ન થાય છે. તેના પ્રેમની અગાધતા તો જુઓ ! કોઈવાર તે આંખ અને પાંખ વિનાનું પક્ષીનું બચ્ચું જ બની જાય છે અને ગુરુને પક્ષિણી બનાવી તે માતાની ચાંચમાંથી પોતે ચારો ગ્રહણ કરે છે. ગુરુ એ તારક છે એમ માની પોતે તેનો પાલવ પકડે છે. ગુરુમૂર્તિને અંતરમાં ધારણ કરી તે ગુરુભક્ત ધ્યાનસુખનો અનુભવ લે છે.

આવો જીવ શ્રીગુરુની બાહ્યસેવા કેવા પ્રકારની કરે છે તે હવે ધ્યાનપૂર્વક સાંભળ :-

તે મનમાં એવો નિશ્ચય કરે છે કે હું, ગુરુની એટલી ઉત્તમ સેવા કરીશ કે જેથી ગુરુ સંતુષ્ટ થઈ કાંઈ માંગ એમ મને કહેવાના જ. ત્યારે હું માંગીશ કે હે પ્રભો ! આપના ઉપભોગના જેટલાં સાધન હોય તે સર્વ સાધનોનાં સ્વરૂપો પણ હું જ ધારણ કરું અને આપની એ રીતે સેવા કરું એવું વરદાન આપો. હું જ શ્રીગુરુનું નિવાસગૃહ થઈશ અને ત્યાં દાસ બનીને તેમની સેવા કરતો રહીશ. જતાંઆવતાં ગુરુ જે ઉંબરાને ઓળંગે છે, તે ઉંબરો પણ હું જ થઈશ અને દ્વારો તેમ જ દ્વારપાળ પણ હું બનીશ. ગુરુની પાદુકા અને છત્ર પણ હું જ બનીશ. ગુરુની આગળ દોડનાર હજૂરિયો પણ હું જ થઈશ. હું રસોઇયો થઈને ગુરુના ખાવાના પદાર્થો પીરસીશ અને આત્મસ્થ ગુરુને ઓવારીશ (શ્રીગુરુનાં દુખડાં લઈશ) ગુરુને પાનબીડું હું આપીશ. ગુરુનો એઠવાડ હું કાઢીશ, ગુરુની પાદસેવા પણ હું જ કરીશ. આ પ્રમાણે સર્વ પ્રકારે હું ગુરુની સેવા કરીશ.

જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી ગુરુની આવી સેવા કરીશ અને દેહ પડ્યા પછી ગુરુસેવા વિશે જે આસ્થા રાખે છે તે આ પ્રમાણે હશે....

આ શરીરની માટીને પૃથ્વીના તે ભાગમાં મેળવી દઈશ કે જ્યાં શ્રીગુરુનાં ચરણોનો સ્પર્શ થશે. મારા ગુરુ જે ઉદકને સ્પર્શ કરશે તે ઉદકમાં હું મારા શરીરમાંના જળભાગને ભેળવી દઈશ. જે દીપકથી લોકો શ્રીગુરુની આરતી ઉતારતા હશે અથવા જે દીપક ગુરુમંદિરમાં પ્રકાશતા હશે તે દીપકમાં હું મારા શરીરનું તેજ ભેળવી દઈશ. જે સ્થળે પંખાથી તથા ચમ્મરથી શ્રીગુરુને પવન નાખવામાં આવતો હશે તે સ્થળે હું મારા પ્રાણવાયુનો લય કરીશ. જે અવકાશમાં શ્રીગુરુ પોતાના પરિવારસહ વસતા હશે તે અવકાશમાં હું મારા શરીરમાંના આકાશનો ભાગ ભેળવી દઈશ. આ પ્રમાણે જીવંત અવસ્થામાં કે મૃત્યુ પછી પણ હું શ્રીગુરુની સેવા કર્યા વિના રહીશ નહિ.

આ પ્રકારની ભાવના અને ધૈર્ય વડે તે ગુરુની અપાર સેવા કર્યા કરે છે. તે માટે રાતદિવસ જોતો નથી. કોઈ પ્રસંગે તે ગુરુના ખેલ માટે પોતાના જીવનને પણ ઓવારી નાખે છે. એ રીતે ગુરુની સેવાથી કૃશ થાય છે અને ગુરુના પ્રેમથી પુષ્ટ થાય છે. અને જે ગુરુની આજ્ઞાનું નિવાસસ્થાન જ બની રહે છે તે ગુરુકુળના યોગથી જ પોતાને કુલીન માને છે. પોતાના ગુરુબંધુઓ સાથે સૌજન્યથી વર્તી સુજન બને છે અને ગુરુસેવારૂપી વ્યસનથી જ નિરંતર વ્યસની બનીને રહે છે.

ગુરુભક્તિનો મહિમા કેટલો વર્ણવું ? તેનો કોઈ પાર નથી. **ગુરુભક્તિ બ્રહ્મજ્ઞાનનું જન્મસ્થાન છે.** ગુરુસેવાની મારા મનમાં ખરેખરી ઉત્કંઠા હોવાથી મેં તે ગુરુભક્તિનું અમર્યાદિત રીતે લંબાણથી વર્ણન કર્યું છે. બાકી તો હું, હાથ હોવા છતાં ઠૂંઠો, નેત્રો હોવા છતાં ભજનના સંબંધમાં અંધ અને પગ હોવા છતાં ગુરુસેવામાં તો પાંગળા કરતાં પણ અધિક પાંગળો છું. અને ગુરુનું વર્ણન કરવામાં મૂંગો તથા આળસુ છું. એટલા અવગુણો મારામાં હોવા છતાં પણ શ્રીગુરુ મને વ્યર્થ પોષે છે, પરંતુ તેવી ગુરુભક્તિ માટે મને ઉત્કટ ઇચ્છા છે. તેથી જ ગુરુસેવા વિશે આટલું અમર્યાદ વર્ણન કર્યું છે.

'શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા',
પ્ર. આ., પૃ. ૪૩૭

❑

## (૮) જયા ! તું જે કંઈ છું, તે મારે લીધે છું : શ્રીમોટા

જયા જનમેજય પટેલ

પૂજ્ય શ્રીમોટા સાથેના નિમિત્તના કારણે જે જે સ્વજનો તેઓશ્રીના સંપર્કમાં આવ્યા તે સહુએ તેમની કૃપાના અનુભવ કરેલા છે. શ્રીમોટા આજે ભલે દેહધારી રીતે હાજર નથી પણ ભાવસ્વરૂપે તેઓની હૂંફ સ્વજનો અનુભવે છે અને તે સ્વીકારે છે. મારા પોતાના અને પારિવારિક જીવનમાં શ્રીમોટાની પરમ હૂંફ અનુભવાય છે.

મારો જન્મ ખેડા જિલ્લાના ડભાણ ગામે તા.૧૫-૧૧-૧૯૪૧ના રોજ થયો હતો. શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ મારા પિતાજી હતા અને માતાનું નામ ગંગાબા હતું. શિક્ષકની નોકરીમાં મારા જન્મ બાદ પિતાજીએ તમાકુનો વેપાર શરૂ કરતાં કુટુંબની આર્થિક સ્થિતિમાં ઘણો સુધારો થયો. એટલે પરિવાર તેનું શ્રેય મને આપતું હતું.

બિલોદરા પાસે આવેલા હરિઃૐ આશ્રમના મહંત પોતાને ચૂંટણીમાં મદદરૂપ થશે એવી એક કાર્યકર તરીકેની ઇચ્છાથી જ્યારે પ્રથમ વખત મારા પિતાજી શ્રીમોટાને મળ્યા ત્યારે જે રીતે તેઓ આવકાર પામ્યા અને મોટાની વહાલપ અનુભવી તે કારણે તેઓ અવારનવાર આશ્રમે જતા થયા હતા. પછી તો શ્રીમોટા અમારા ઘરે ડભાણ પણ આવતા હતા. મારાં ફોઈ ડાહીબા શ્રીમોટાની સેવામાં વર્ષો સુધી રહ્યાં હતાં. સ્વજનો જાણે છે કે શ્રીમોટાએ ડભાણને પોતાનું પિયર ગણ્યું હતું. એ જ ઘરમાં મારું પણ પિયર હોઈ એ અર્થમાં હું બડભાગી ગણાઉં. એક વખત શ્રીમોટાએ મને કહ્યું હતું કે, ‘જયા ! ડભાણ તારી એકલીનું પિયર નથી, મારું પણ પિયર છે.’

મને યાદ છે કે બાળપણમાં સ્કૂલના અભ્યાસના બદલે મને કલાક્ષેત્રની પ્રવૃત્તિમાં વિશેષ રસ હતો. રંગોળી, ડાન્સિંગ, પેઈન્ટિંગ, ડ્રામા, વિવિધ વસ્ત્રો પહેરવાં, કલાત્મક ચીજો વાપરવી વગેરે મારા રસના વિષયો હતા. આ બધામાં મારી મા ગંગાબા તરફથી મને ટેકો મળતો. સ્વભાવે તે ઉત્સાહી, ઉદાર અને સહનશીલ હતી. મારાં માબાપે મને લાડકોડથી ઉછેરી હતી. પૂજ્ય શ્રીમોટા મને તેમના આશ્રમમાં આવવાનું કહેતા હતા, પણ તે સમયે મને આશ્રમમાં જવાને બદલે સિનેમા જોવા જવામાં વધારે રસ પડતો.

સમયને જતાં વાર લાગતી નથી. મારા માટે કોઈ પરદેશનો યુવક મળે તો સારું એવી મારાં માતપિતાની ઇચ્છા હતી. પૂજ્ય શ્રીમોટાની કૃપાથી એ વિચાર સાકાર થયો. પલાણા ગામના યુવક કે જેઓ આફ્રિકામાં રહેતા હતા, તેમની સાથે વસંતપંચમીએ તા.૨૪-૧-૧૯૫૮ના રોજ ૧૭ વર્ષની ઉંમરે મારાં લગ્ન થયાં. તે બાદ મારે એ પરિવાર સાથે આફ્રિકા-યુગાન્ડામાં જવાનું થયું. પિયરની મને શિખામણ મળી હતી કે દૂધમાં સાકર ભળી જાય તેવી રીતે સાસરીમાં બધાંની સાથે હળીમળીને રહેવું. યુગાન્ડામાં અમારું સહજીવન શ્રીહરિકૃપાથી સારું ચાલતું હતું.

એવા અરસામાં શ્રીમોટાએ મારાં માતાપિતાને કહેલું કે તમારા પરિવાર ઉપર મોટી આપત્તિ આવનાર છે, માટે બધાં પ્રાર્થના-નામસ્મરણ કરજો. એક દિવસ શ્રીમોટા પોતે આવી કુટુંબ પ્રાર્થનામાં સહભાગી બન્યા હતા. (આ અંકના ટા.પે.૩ ઉપર તેનો ફોટો છે.-સં.)

મારાં ફોઈ ડાહીબાને તે માટે આશ્રમમાં મૌનઅનુષ્ઠાન કરાવ્યું હતું.

શ્રીમોટાના ભવિષ્યકથન પ્રમાણે મારા જીવનસાથી જનમેજયને એક મોટો કાર અકસ્માત (તા.૨-૬-૧૯૬૧) નડ્યો. બચવાની કોઈ આશા નહોતી. તેઓને એક અજાણ્યા પંજાબીએ હૉસ્પિટલ પહોંચતા કર્યા હતા. તેઓ બચી ગયા. મારું સૌભાગ્ય શ્રીમોટાની જ કૃપાથી બચી ગયું હતું. એમ અમને વિશ્વાસ હતો, પરંતુ પાછળથી એક વખત શ્રીમોટાએ સ્વમુખે અમને કહેલું કે જનમેજય તેમની પ્રાર્થનાથી બચી ગયા છે. એટલે અમારી શ્રદ્ધા દૃઢ થઈ હતી.

સંસારી જીવનમાં એક પછી એક ઉપાધિ આવતી જ રહે છે. યુગાન્ડામાં ઈદિ અમીને અમને બધાંને કશું લીધા વિના દેશમાંથી કાઢ્યા હતાં. મારાં ત્રણે બાળકોને આગળ અભ્યાસ માટે મોસાળમાં મોકલ્યા હતા. જનમેજયના ભાઈ ઈદી અમીનની મેડિકલ ટીમમાં હતા એટલે તેમની સાથે તેઓ રોકાયા. બ્રિટિશ પાસપૉર્ટના આધારે લંડનમાં હું જુદા જુદા સંબંધીઓના ત્યાં રહી દિવસો પસાર કરતી હતી. એ સમયે આર્તભાવે મોટાને મેં જે પ્રાર્થના કરી હતી તે ભુલાય તેવી નથી. એ પ્રાર્થનાના પરિણામે હું ભારતમાં આશ્ચર્યકારક રીતે આવી શકી હતી.

સને ૧૯૮૨માં મારી દીકરી સ્મિતાનાં લગ્ન લેવાયાં. આ પ્રસંગ યાદ આવતાં શ્રીમોટાએ ભવિષ્યને નજરમાં રાખી, મને એકથી વિશેષ વખત ટોકી ટોકીને ચાઈનીઝ એગ્રેસન સમયે મારી પાસેના સોનાના જે દાગીના હતા તે ભારત સરકારની ગોલ્ડ બોન્ડ યોજનામાં રોકાવ્યા હતા. તેઓ મને કહેતા કે આપણા સૈનિકો સરહદ ઉપર તેમનાં બલિદાન આપે છે, એવા સમયે ભારતના નાગરિક તરીકે આપણે ગોલ્ડ બોન્ડમાં રોકાણ કરવું જોઈએ. શ્રીમોટાની એ સલાહનું સારું પરિણામ એ આવ્યું કે દીકરીનાં લગ્ન સમયે એ ગોલ્ડ બોન્ડના કારણે સોનાનો અમારો પ્રશ્ન ઉકેલાયો હતો. લગભગ ૮૦ તોલા જેટલું સોનું અમને મળ્યું હતું. જે તે સમયે મેં ઉમળકાથી નહિ પણ મોટા લગભગ મારી પાછળ પડી ગયા હતા, એ કારણે રોકાણ કરેલું. પણ એમનું કહેલું કરવાથી જે સરળતા થઈ એ તો જે અનુભવે એને જ એનો ખ્યાલ આવે.

સને ૧૯૮૨થી શ્રીહરિકૃપાથી અમે અમેરિકા ગયા, ત્યાં બિઝનેસમાં સખત મહેનત કરી. બન્ને દીકરા યુનિવર્સિટીમાં ભણતા હતા. ૧૯૮૮માં સ્મિતાની દીકરીના ઉછેરમાં અમે નાના-નાનીએ સહયોગ આપ્યો હતો.

સને ૧૯૯૨માં અમે નિવૃત્ત થઈને ભારત-અમદાવાદ આવ્યાં. અમારા અમદાવાદના મકાનમાં શ્રીમોટા અવારનવાર પધારતા હતા. મારા બાળપણના કલાક્ષેત્રના રસને ફરીથી જીવંત કરવામાં જનમેજયે મને પ્રોત્સાહન આપ્યું. પેઈન્ટિંગ, સંગીત વગેરેના મેં કોર્સીસ કર્યા. ઢીંગલી બનાવવાની કળામાં મારો સારો વિકાસ થયો છે. સને ૧૯૯૯માં અમે બન્ને અમેરિકા ગયાં હતાં. હજી એકાદ મહિનો પણ નહોતો થયો અને એક રાત્રે જનમેજયને હાર્ટ એટેક આવતાં તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું. મને કારમો ને ઊંડો આઘાત લાગ્યો, પણ શ્રીમોટાની હૂંફના કારણે ધીમે ધીમે હું સ્વસ્થ થતી ગઈ. ભારત પાછી આવી અને વિવિધ પ્રકારની પેઈન્ટિંગ, સંગીત વગેરેમાં મેં પ્રવૃત્તિમય જીવન શરૂ કર્યું.

શ્રીમોટા, બાળકોના શિક્ષણ માટે પ્રાથમિક શાળાઓના ઓરડાઓ માટે દાન આપતા હતા, એ વિચારથી મને નાનાં ભૂલકાંઓ-બાળકો માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગી. હાલમાં મારા ઘરમાં વૈવિધ્યપૂર્ણ ઢીંગલીઓનું લગભગ એક સંગ્રહસ્થાન-મ્યુઝિયમ બન્યું છે. બાળકો એકત્રિત કરી તેમના નિર્દોષ આનંદમાં હું એક રીતે સહભાગી બનું છું. કૃષ્ણલીલાના મેં સુંદર પેઈન્ટિંગ કર્યા છે. મારા ઘરને કલાત્મક રીતે મેં જાળવ્યું છે. મિડિયાવાળાએ પણ મારા આ સંગ્રહની મુલાકાત લઈ ટી.વી. ઉપર પ્રસારિત કરેલ છે. શ્રીમોટાની હૂંફનો મને સતત અનુભવ થઈ રહ્યો છે. ક્યારેય એકલતા સાલતી નથી.

એક વખત મારા પિતાજી સાથે હું નડિયાદ આશ્રમમાં ગઈ હતી. શ્રીમોટાએ મોર કળા કરતો હોય તેવો પિત્તળનો એક દીપ તેમને ભેટ આપ્યો. તે સમયે હું મનોમન ખૂબ દુઃખી થઈ હતી, કે મોટા મને કેમ કશું આપતા નથી. તે પછી હું અમદાવાદ આવી તે જ સમયે શ્રી ઈંદુકુમાર દેસાઈ એવા જ પ્રકારનો દીપ લઈને મને આપવા માટે મારે ઘેર આવ્યા હતા. આ પ્રસંગ અનુભવીને હું તો લગભગ અવાક જ થઈ ગઈ હતી.

એક પ્રસંગે મારી સાથે શ્રીમોટા વાતચીત કરતા હતા, તે સમયે શ્રીમોટા પ્રત્યે હજી મારા હૃદયના ઊંડાણમાં જોઈએ તેવો ભક્તિભાવ જાગ્યો નહોતો. ત્યારે તેઓશ્રીએ જે વાત મને કહી હતી તે ભુલાતી નથી. શ્રીમોટાએ તે સમયે મને કહેલું કે **'જયા ! તું જે કંઈ છું, તે મારે લીધે છું.'**

હવે જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ શ્રીમોટાના એ શબ્દના અર્થનો મને અનુભવ થઈ રહ્યો છે. મને એક વખત હાર્ટએટેક આવતાં ઘરમાં બેભાન થઈને પડી ગઈ હતી. શ્રીહરિકૃપાથી એ મુશ્કેલીમાંથી હું હેમખેમ બહાર આવી ગઈ છું. હમણાં મારી ૭૫ વર્ષની જન્મજયંતી નિમિત્તે મારાં સ્નેહી-સંબંધી-સ્વજનોને બોલાવી સુંદર કાર્યક્રમ યોજ્યો હતો. તે સમયે મારા જીવનની મુખ્ય મુખ્ય ઘટનાઓના ઉલ્લેખ સાથેનું 'જનમે-જયા' નામથી સુંદર કલાત્મક પ્રકાશન સર્વેને ભેટ આપ્યું હતું.

મારા પુત્ર અનંતના બાલકેશનું મુંડન શ્રીમોટાએ કરેલું. તે પછી જનમેજયને જે ગંભીર અકસ્માત થયો ત્યારે શ્રીમોટાએ ગર્ભસ્થ દીકરી સ્મિતાના ક્ષેમ માટે મંત્રજાપ કર્યા હતા અને છેલ્લે એક મહિનાના પીયૂષને લઈને આશ્રમે ગઈ હતી ત્યારે શ્રીમોટાએ પિનાકીન નામ સૂચવેલું જેનો અમે સ્વીકાર કર્યો હતો. આમ, અમારાં બાળકો અંગે શ્રીમોટાએ કાળજી રાખી હતી.

**'પાયોજી મૈંને રામ રતન ધન પાયો'** એ મીરાંની પંક્તિનો મને સદાય સહારો અને હૂંફનો અનુભવ ટક્યા કરો એવી શ્રીમોટા ચરણે પ્રાર્થના સાથે વિરમું છું. હરિઃૐ

❑

### ગયેલા આત્માને

**મુખી પરિવાર, બાવળાના પિયર પક્ષના અને પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રીમતી કુંજલતાબહેનના જીવનસાથી શ્રી રાજેન્દ્ર પુરષોત્તમદાસ પટેલનો અમદાવાદ મુકામે તા.૨૮-૧૨-૨૦૧૬ના રોજ દેહાંત થયો છે.**

**શ્રીહરિ ગતાત્માનું સર્વ પ્રકારે શ્રેય પ્રેરે એવી પ્રાર્થના છે.**

**– સંપાદક**

## (૯) શ્રીમોટા સાથે પ્રશ્નોત્તરી

સં. રતિલાલ મહેતા

**જિજ્ઞાસુ :** મુક્તાત્માને પુનર્જન્મ હોય નહિ, છતાં આપે કહ્યું છે કે આપ ફરીથી જન્મ લેવાના છો અને તે પણ સ્ત્રી શરીરે. તો આપ ક્યારે જન્મ લેશો ?

**શ્રીમોટા :** મુક્તાત્મા જન્મ લે કે ન પણ લે. તે એવા કોઈ ગૂઢ ખાસ નિમિત્તને કારણે નવો જન્મ લે પણ ખરો. એટલે હું ફરીથી જન્મ લઈશ એ સાચું ને સ્ત્રી શરીરે, કેમ કે મારે બહેનોની સેવા કરવી છે, પરંતુ ક્યારે જન્મ લેવાશે તે નક્કી કહી ન શકાય, કેમ કે એને એની સાથે જન્મ લેવાના હેતુને સફળ કરી શકે એવા માણસો વળગેલાં હોય છે, તે બધાંને નજરમાં રાખવાનાં હોય છે... ઈશ્વર 'ભક્તોની ખાતર અને દુષ્ટોનો સંહાર કરવા' અવતાર ધારણ કરે છે. તેમ એ મુક્તાત્મા ફરીથી જન્મ લે પણ ખરો.

**જિજ્ઞાસુ :** મનુષ્ય મૃત્યુ પછી પ્રાણીયોનિમાં જન્મ લે ખરો ?

**શ્રીમોટા :** ના. મનુષ્યમાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર ઓછાવત્તા પ્રમાણમાં વિકસેલાં હોય છે. એટલે કર્મ પ્રમાણે ને પાંચ તત્ત્વોમાંથી જે તે તત્ત્વના વિકાર મુખ્ય તે તે તત્ત્વોનો ગુણ લઈને તે મનુષ્યયોનિમાં જન્મે છે.

ઉપરનાં પાંચ તત્ત્વો માત્ર માનવયોનિમાં રહેલાં છે. એવો માણસ પ્રાણીયોનિ જેવી ઊતરતી યોનિમાં કેવી રીતે જન્મે ? પુરાણોમાં જે આવે છે તે કેવળ રૂપક તરીકે બોધપાઠ આપવા માટે હશે.

**જિજ્ઞાસુ :** તો પ્રાણીયોનિવાળો જીવન માનવ યોનિમાં જન્મે ખરો ?

શ્રીમોટા : હા. જો એવા પ્રાણી પર કોઈ ઉચ્ચ કોટિના આત્માનો પ્રેમ હોય તો બની શકે. શ્રીરમણ મહર્ષિના આશ્રમમાં એક ગાય પાળેલી હતી. તેનું 'લક્ષ્મી' નામ પાડેલું. મહર્ષિને તેના માટે સારો ભાવ હતો. એ ગાય તેમની નિગાહ હેઠળ મૃત્યુ પામેલી. તો એવી ગાયનો માનવયોનિમાં જન્મ થયો હોય.

**જિજ્ઞાસુ :** કોઈ સ્ત્રીને તેનો પતિ ચાહતો ન હોય અથવા કોઈ બીજી સ્ત્રીને ચાહતો હોય, તો તેવી સ્ત્રીએ શું કરવું ? છૂટાછેડા લેવા કે મૂંગા મોઢે સહન કરવું ?

**શ્રીમોટા :** આપણો પતિ આપણને ચાહતો ન હોય તોયે આપણો ધર્મ છે કે આપણે તેને ચાહીને તેના સુખ માટે ઘસાઈ જવું. તો એક દિવસ તેનું હૃદયપરિવર્તન થશે. કશાની અપેક્ષા રાખ્યા વિના આપણે ચાહી જાણીએ. પાળે તેનો ધર્મ. આપણે આપણો ધર્મ પાળીએ.

છૂટાછેડાની વાત થાય તો તે જીવન ન કહેવાય. જે ત્યાગ કરીને જીવી જાણે છે તે જ અંતે સુખી થાય છે.

કોઈ પતિની પત્ની પરપુરુષને ચાહતી હોય, તોયે એ પતિને મારી આ જ સલાહ છે. પત્નીને એના પ્રેમી સાથે જવા દો, એના માર્ગની આડે ના જશો. જો જો થાકીને પાછી તમારી પાસે આવે તો તેને તમે પ્રેમથી આવકારજો. ત્યાગથી શાંતિ મળે છે.

પતિ-પત્નીને માલિકીની ભાવના જ દુઃખી કરે છે. આપણને કોઈ પ્રેમ કરે કે ન કરે તે જોવાની આપણે જરૂર નથી. સાચો પ્રેમ કરી આપણે ન્યોછાવર થઈ જઈએ. બળે બળે સહન કરશો નહિ. સાચા જીવનવિકાસના સાધન તરીકે પ્રેમથી સહન કરશો એ પણ યજ્ઞ છે.

'સ્મૃતિગ્રંથ' પ્ર.આ. પૃ.૯૭ ❑

(૧)

**દ્રવ્ય હરિનો, હરિ દાતાર, વચ્ચે વતાગરો જીવ વહે ઉપકાર;**
**એ તો હરિનો શત્રુકાર, સ્થાવર જંગમ પામે આહાર.**
**એમ જાણી દીધે હરિફળે, અખા અહંકારે આપ્યું પળે.**

બધું જ દ્રવ્ય હરિનું છે ને હરિ જ એનો દાતાર છે. વચ્ચે ભાર ઉપાડનાર જીવ પોતે ઉપકાર કરે છે એવા ભાવથી દાન આપે છે. પણ સ્થાવર-જંગમ જગત આહાર પામે છે એ તો હરિનું સદાવ્રત છે ને પોતે હરિ વતી કામ કરનાર છે, એમ માની દાન આપે તો જ હરિ પ્રસન્ન થાય છે. (દાન ફળે છે) અહંકારે આપેલું દાન એળે જાય છે.

(૨)

**જગત-ભગતને વેર સદાય, હરિજન આપ્યું હરિનું ખાય;**
**લોક લોભ-ઉપાય બહુ કરે, જન જમતાં-રમતાં સુખને સરે**
**તે દેખી ન શકે સંસાર, કરે નિંદા અખા શિરે લેઈ ભાર.**

જગત અને ભગત વચ્ચે હંમેશાં વેર હોય છે, હરિજન હરિનું આપેલું ખાય છે (તેટલાથી સંતોષ થાય છે). જ્યારે લોકો તો લોભથી વધુ ને વધુ મેળવવા જાતજાતના પ્રયત્ન કરે છે. હરિજન તો જમતાં-રમતાં સુખ ભોગવે છે. સંસારના લોકો તે દેખી શકતા નથી. એટલે તેમની નિંદા કરી પોતાના માથા ઉપર દોષનો ટોપલો વધારે છે.

(૩)

**ભક્ત તો જો પ્રીછી ભજે, નહિ તો ફોતરાં ફાકે ને તાંદુલ તજે.**
**સર્વાવાસ લહ્યે હરિ મળે, નહિ તો વેઠે કંકોડી દળે.**
**એક સ્વામી સઘળે વિસ્તર્યો, પછી અખા જાણો તે કરો.**

સાચો ભક્ત હરિને સમજીને-આત્માના સ્વરૂપને ઓળખીને ભજે છે. તે સિવાયના બીજા માર્ગ ચોખાને તજીને ફોતરાં ફાકવા જેવા છે. સર્વમાં હરિ રહેલો છે એ સમજવાથી હરિ મળે છે, પણ તેને બદલે હરિને મંદિરોમાં અને તીર્થસ્થાનોમાં શોધવા જેવા પ્રયત્નો કરવા તે વેઠે કંકોડી દળવા જેવા વ્યર્થ છે. એક હરિ સર્વત્ર વ્યાપેલો છે એમ સમજી લો, પછી ફાવે તે કરો.

(૪)

**પાને-પોથે લખિયા હરિ, જયમ વેળુમાં ખાંડ વીખરી,**
**તે સંતે ખાધી કીડી થઈ, અને વંચકે સમૂધી વહી;**
**તે તેહેવાના તેહેવા રહ્યા, અખા સંત પારંગત થયા.**

શાસ્ત્રોની પોથીઓમાં તેના પાને પાને, રેતીમાં વેરાયેલી ખાંડની જેમ, બીજી હકીકતની સાથે હરિનું વર્ણન કરેલું હોય છે. સંત તેમાંથી એકલી ખાંડ વીણીને ખાઈ જતી કીડીની જેમ, હરિને પ્રાપ્ત કરવામાં ઉપયોગી વાત ગ્રહણ કરી લે છે. જ્યારે કથા વાંચનારા બધું ઉપાડી લે છે. પરિણામે ભેગી થયેલી રેત-ખાંડ ખાઈ શકાતી નથી. તેવી રીતે શાસ્ત્રી-પુરાણીઓ જ્ઞાનવિવેક વગર હતા તેવા ને તેવા જ રહે છે. જ્યારે સંતો આત્મજ્ઞાન વડે બ્રહ્મનો પાર પામે છે.

(૫)

**એક પરમેશ્વર ને સઘળા પંથ, એ તો અળગું ચાલ્યું જંથ.**
**જયમ અગ્નિ અગ્નિને સ્થાનક રહ્યો, અને ધુઆડો આકાશે ગયો.**
**પણ અળગો ચાલ્યો તે કેમ મળે ? એમ અખા સૌ અવળા વળે.**

એક પરમેશ્વર અને તેને મેળવવા અનેક પંથ એ સઘળું એનાથી દૂર લઈ જનારું તરકટ છે. જેમ અગ્નિ અગ્નિને સ્થાને રહે અને ધુમાડો આકાશમાં જાય, તેવી રીતે પરમેશ્વર નિશ્ચિત સ્થાને-મનુષ્યના અંતરમાં રહેલો છે અને છતાં સંપ્રદાયો તેને દૂરના સ્થળે (તીર્થસ્થાનોમાં) શોધવા ફાંફાં મારે છે. દૂર-જુદા માર્ગે જવાથી પરમેશ્વર મળતો નથી એટલે તેઓ ઊંધા કે ઊલટા માર્ગે તેને મેળવવાનો પ્રયત્ન કરે છે.

'છપ્પા', ૧૮૨,૧૮૮,૧૮૯,૧૯૧,૨૦૩ ❑

## (૧૧) અગ્નિતત્ત્વ

બાબુ સરકાર

આખી સૃષ્ટિના સંચાલનમાં અગ્નિતત્ત્વ મોખરે છે. આપણા રસોડામાંથી માંડીને સ્કૂટર, કાર, રેલવે, સ્ટીમર, હવાઈજહાજ તેમ જ યુદ્ધના દારુગોળા, રૉકેટ, સેટેલાઇટ વગેરે બધાં અગ્નિતત્ત્વથી ચાલે છે.

આપણા અનાજને પકવવામાં સૂર્યની ગરમીનો મોટો ફાળો છે. માણસે કે પ્રાણીએ ખાધેલા અનાજને પચવવામાં જઠરાગ્નિ જ કારણરૂપ છે. સૂર્યાસ્ત પછી જો ખોરાક લઈએ તો તેને પચવવામાં જે સ્થિતિનું નિર્માણ થાય તેના કારણે બીમારી પણ આવી શકે છે. સૂર્યાસ્ત પહેલાં સાંજનું રાત્રિનું ભોજન લઈ લેવાની જૈનથિયરી વૈજ્ઞાનિક છે. શરીરમાં રહેલી પાચનશક્તિ માટે જઠરાગ્નિ શબ્દ વપરાય છે.

અગ્નિ અને આત્માની ગતિ ઊર્ધ્વ છે. તેમનો વાસ આકાશમાં છે. આકાશમાંથી આવે અને આકાશમાં પાછા જાય. વેદો દ્વારા કહેવાયું છે કે અગ્નિતત્ત્વ અને આકાશતત્ત્વને ગાઢો સંબંધ છે. આપણે જેમાં ને તેમાં અગ્નિને મોખરે રાખીએ છીએ. યજ્ઞ-હવન થકી હવામાન-વાતાવરણ શુદ્ધ અને પવિત્ર થાય છે. આપણે લગ્ન પણ અગ્નિની સાક્ષીએ કરીએ છીએ. આપણી એવી માન્યતા છે કે લગ્ન દ્વારા બે શરીરનું તો ઠીક પણ બે આત્માનું મિલન-જોડાણ થાય છે. મંદિરોમાં આપણે દીવા પ્રકટાવીએ છીએ. આરતી ઉતારીએ છીએ.

પંચમહાભૂત-આકાશ, અગ્નિ, જલ, વાયુ કે પૃથ્વી પૈકી કોઈ પણ એક તત્ત્વ દ્વારા પ્રભુપ્રાપ્તિ થઈ શકે છે. જલતત્ત્વ પાસે આપણાં મનનાં આંદોલનો શાંત થઈ જાય છે. પ્રાણાયામથી અગ્નિતત્ત્વનો ઝડપથી વધારો થાય છે. એના થકી સાધનાનો સમય ટૂંકાવી શકાય છે. શ્રીઅરવિંદે તેમના પ્રયોગો દ્વારા સાબિત કર્યું છે કે અખંડ સ્મરણ, જપ, અજપાજપ થકી પણ અગ્નિતત્ત્વ વધે છે.

મૃત્યુ બાદ આપણે આપણા મૃતદેહના અગ્નિસંસ્કાર કરીએ છીએ. આમાં સંસ્કાર શબ્દનો ઉપયોગ કરાયો છે. મૃત્યુ બાદ જીવાત્મા તેને ત્યજી દીધેલ શરીર આસપાસ ફરે છે. એની અનેક ઇચ્છાઓ-વાસનાઓ અપૂર્ણ રહી ગયેલ હોય છે. મૃતદેહને બાળવાથી કે જલસમાધિ આપવાથી શરીરનું અસ્તિત્વ રહેતું નથી. આપણે પૂર્વજન્મ અને પુનર્જન્મમાં માનીએ છીએ. શરીરને બાળવાથી આત્માને શરીર સાથેની આસક્તિનો અવકાશ રહેતો નથી. મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેનો ગાળો ટૂંકાવવામાં એક પ્રકારે અગ્નિતત્ત્વનું મહત્ત્વ છે.

આપણે અગ્નિને દેવતા ગણીએ છીએ. આસુરી કે હિંસક શક્તિઓને અગ્નિતત્ત્વ રોકે છે. શ્રીસાંઈબાબા, શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા પોતાની સન્મુખ સતત ધૂણી-અગ્નિ પ્રજ્વલિત રાખતા હતા.

શ્રીરમણ ભગવાને તા.૧૪-૧-૧૯૫૦ શુક્રવારે રાત્રે ૮-૪૦ વાગ્યે દેહ છોડ્યો ત્યારે તેમના મુખમાંથી અંગુષ્ઠ આકારની એક નાની જ્યોતિ નીકળીને ઉત્તર તરફ જતી રહી. ઘણાંએ એનાં દર્શન કરેલાં.

અન્ય પ્રાણીઓના શરીરના તાપમાન કરતાં મનુષ્યના શરીરમાં અગ્નિતત્ત્વ વિશેષ હોય છે. મનુષ્યનું ટેમ્પરેચર ૯૮.૪° હોય છે જ્યારે ગાય, હાથી, બિલાડાનું તાપમાન એક ડિગ્રી ઓછું ૯૭.૪° હોય છે. ❑

## ગયેલા આત્માને....

હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટી મંડળમાં પદાધિકારી તરીકે ઉલ્લેખનીય સેવાઓ આપનાર સદ્‌ગતશ્રી મનસુખભાઈ જોષીના પિતાશ્રી **ત્રિભોવનદાસ કાલીદાસ જોષી**નો ૯૦ વર્ષની વયે તા.૨૬-૨-૨૦૧૭ના રોજ દેહાંત થયો છે.

ભાવનગર જિલ્લાના દેગવડા ગામનો આ પરિવાર કડોદરા-ચલથાણ સુરત ખાતે સ્થિર થયો છે. પ્રારંભમાં ભીમનાથ મહાદેવની ભક્તિસ્વરૂપે સંત શ્રીબજરંગદાસ બાપુ સાથે ઘરોબાનું સૌભાગ્ય મળ્યા બાદ હરિઃૐ આશ્રમ, સુરત સાથેના સંપર્કના પરિણામે પૂજ્ય શ્રીમોટા પ્રત્યે અનન્ય શ્રદ્ધા કેળવાતાં વિશાળ કુટુમ્બના આબાલ-વૃદ્ધ સભ્યોના હૈયે-હોઠે 'હરિઃૐ'નો મંત્ર જડાઈ ગયો છે.

પૂજ્ય શ્રીમોટાનો પંચાવનમો સાક્ષાત્કાર દિન રામનવમીનો ઉત્સવ સને ૧૯૯૩માં આ પરિવારના યજમાનપદે યોજાયો હતો. તે બાદ અન્ય ઉત્સવ ઉજવવાના સંકલ્પના નિમિત્તે સને ૨૦૧૦માં જરૂરી આર્થિક સહયોગ સુરત આશ્રમમાં શ્રીહરિચરણે ધરી દીધો હતો.

આખા પરિવારના વડલાસમા સદ્‌ગતશ્રી મોભીનું શ્રીહરિ સર્વ પ્રકારે કલ્યાણ પ્રેરે એવી ભાવભરી પ્રાર્થના છે. —સંપાદક

## 'હરિભાવ' માસિકપત્રની માહિતી


(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)

૧. પ્રકાશકનું સ્થળ : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી/૫, સ્વસ્તિક સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, પ્રભુદાસ જાની આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૧૭ પ્રકાશકની સહી
અમદાવાદ. **પ્રભુદાસ જાની**

# પૂજ્ય શ્રીમોટાનો ૭૯ મો સાક્ષાત્કારદિન
# રામનવમી સમૂહ - મિલન સમારંભ

**તા.૧૬-૪-૨૦૧૭, રવિવાર**

।। હરિઃૐ ।।



**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્ર સુદ નોમ (રામનવમી) એ પૂજ્ય શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કારદિન હોઈ, તે નિમિત્તે પૂજ્ય શ્રીમોટા તથા તેમની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનો મિલન સમારંભ રવિવાર તા. ૧૬-૪-૨૦૧૭ના રોજ યોજવાનો અવસર અમોને પ્રાપ્ત થયો છે. આ મિલન સમારંભમાં આપ સૌને સપરિવાર-મિત્રમંડળ સહિત ઉપસ્થિત રહેવા હૃદયપૂર્વક આમંત્રણ પાઠવીએ છીએ, જે સ્વીકારી ઉપકૃત કરશોજી.

**: સ્નેહાધીન :**

**શ્રી સુરેશચંદ્ર એફ. સોપારીવાલા** — **શ્રીમતી શોભનાબહેન એસ. સોપારીવાલા**
**શ્રી રવિભાઈ એસ. સોપારીવાલા** — **શ્રીમતી અલકાબહેન આર. સોપારીવાલા**
**શ્રી ચિંતનભાઈ એસ. સોપારીવાલા (યુ.એસ.એ.)** — **શ્રીમતી હિનાબહેન સી. સોપારીવાલા (યુ.એસ.એ.)**

**: મિલન સમારંભ તથા ઉતારાનું સ્થળ :**

**શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચની વાડી, બમનજી સ્ટ્રીટ, રૂઘનાથપુરા, સુરત-૩૯૫ ૦૦૩.**

**વિજ્ઞપ્તિ :** તા. ૧૫-૪-૨૦૧૭, શનિવારે સાંજે બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનોએ આપ કેટલાં સ્વજનો પધારશો, તે તા. ૧૦-૪-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે પત્ર/ટેલિફોન દ્વારા જાણ કરવા વિનંતી છે.

**(૧) શ્રી રવિ સુરેશચંદ્ર સોપારીવાલા**-૯૦૪, એ-વિંગ, મુરલીધર એપાર્ટમેન્ટ, મુરલીધર રોડ, સેટેલાઈટ, સુરત. ૩૯૫૦૦૭. (મો.) ૦૯૮૨૪૧ ૧૫૯૭૮, ૦૯૯૨૫૭ ૫૫૬૬૭ ઈ-મેલ : ravisopariwala2001@yahoo.com

**: કાર્યક્રમ :**

**તા. ૧૫-૪-૨૦૧૭, શનિવાર સાંજે**

૫.૦૦ થી ૬.૦૦ હરિઃૐ ધૂન (લવાછા મંડળ)
૬.૦૦ થી ૭.૦૦ પૂજ્ય શ્રીમોટા વિશે વાર્તાલાપ
૭.૦૦ થી ૮.૦૦ બાળકોની વક્તૃત્વ સ્પર્ધા
૮.૦૦ થી પ્રસાદ

**તા.૧૬-૪-૨૦૧૭, રવિવાર સવારે**

૭.૩૦ થી ૮.૦૦ હરિઃૐ ધૂન (શ્રી ભાવિક પટેલ)
૮.૦૦ થી ૮.૪૫ : સમૂહ પ્રાર્થના, આરતી
૮.૪૫ થી ૧૦.૦૦ : ભજનો (શ્રીમતી કેતુલબહેન પટેલ)
૧૦.૦૦ થી ૧૦.૩૦ : મોટાવાણી - કેસેટ
૧૦.૩૦ થી ૧૧.૩૦ : પ્રવચન
૧૧.૩૦ થી ૧૨.૦૦ : ગુરુવંદના-અર્પણવિધિ-યજમાન આભારવિધિ
૧૨.૦૦ થી પ્રસાદ

**: ઊતરવાનું સ્થળ :**

**શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચની વાડી, બમનજી સ્ટ્રીટ, રૂઘનાથપુરા, સુરત-૩૯૫ ૦૦૩.**

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | માતુશ્રી જયાબહેન જનમેજયભાઈ પટેલની ૭૫મી જન્મજયંતી નિમિત્તે હસ્તે અનંત, સીમા અને પિનાકીન | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૨. | શ્રી દિનકરભાઈ રામુભાઈ અમીન (સ્વ. ધર્મપત્ની પુષ્પાબહેનની પ્રથમ પુણ્યતિથિ (૧૩-૩) નિમિત્તે | અમદાવાદ | ૧૧,૧૦૧/- |
| ૩. | એક ચૅરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૪. | હરિઃૐ સત્સંગ મંડળ | ટૉરન્ટો | ૯,૦૦૦/- |
| ૫. | હર્ષદભાઈ એન. દવે (સ્વ. પિતાશ્રી નગીનદાસ એસ. દવેના સ્મરણાર્થે) | મણિનગર | ૫,૦૦૧/- |
| ૬. | હર્ષદભાઈ કનૈયાલાલ શાહ દોહિત્ર શુભમ્‌ના જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૭. | રૅક્સ ઈન્સ્ટુમેન્ટ હસ્તે અતુલભાઈ નવનીતભાઈ ભલાવત | વડોદરા | ૫,૦૦૦/- |
| ૮. | શરદભાઈ મારફતીયા | સુરત | ૫,૦૦૦/- |
| ૯. | નરેન્દ્રભાઈ નગીનદાસ ખત્રી માતુશ્રી વાસંતીબહેનની પુણ્યસ્મૃતિમાં દેહવિલય ડિસે. ૨૦૦૧ | અમદાવાદ | ૨,૫૦૧/- |
| ૧૦. | કિરીટકુમાર અને સરૈયા (જન્મદિન જાન્યુ.) | મણિનગર | ૧,૧૧૧/- |
| ૧૧. | કનૈયાલાલ આર. પટેલ | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૧૨. | પ્રશાંત પ્રભુદાસ જાનીએ Ph.D. ની ડિગ્રી પ્રાપ્ત કરી તેમ જ યોગાનુયોગે શ્રી મનીષા સાથેની લગ્ન તારીખ (૨૧-૨) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૧૩. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | બળવંતભાઈ દેસાઈ | રાજકોટ | ૧,૦૦૦/- |
| ૧૫. | ઠાકોરલાલ કાલીદાસ શાહ સદ્‌ગત ધર્મપત્ની ઊર્મિલાબહેનના દેહવિલય (તા. ૫-૧-૧૭) નિમિત્તે | વડોદરા | ૧,૦૦૦/- |
| ૧૬. | રણજિતલાલ ઈશ્વરલાલ પોસ્ટીવાલા | સુરત | ૫૦૧/- |
| ૧૭. | શ્રીમતી અલ્કાબહેન હર્ષદકુમાર જાની લગ્ન (તા.૨-૩) નિમિત્તે | મણિનગર | ૫૦૧/- |
| ૧૮. | પૌત્ર ચિ. કાવ્યના યજ્ઞોપવિત નિમિત્તે હસ્તે અરવિંદભાઈ નાથુભાઈ દેસાઈ | કરમલા (સુરત) | ૫૦૧/- |
| ૧૯. | હેમાંગિની ચૈતન્યકુમાર વ્યાસ | મુંબઈ | ૫૦૧/- |
| ૨૦. | ઈશ્વરલાલ ભાવસાર (જયા જનમેજય દ્વારા) | અમદાવાદ | ૫૦૦/- |
| ૨૧. | કલાબહેન અમીન (જયા જનમેજય દ્વારા) | અમદાવાદ | ૫૦૦/- |
| ૨૨. | કાંતિલાલ એસ. શાહ જન્મદિન (૨૫-૧૧) | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૩. | શ્રીમતી હંસાબહેન કાંતિલાલ શાહ જન્મદિન (૨૫-૧) | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૪. | ધનસુખભાઈ રણછોડભાઈ પટેલ જન્મદિન (૧૦-૨) | નરોડા | ૨૫૧/- |
| ૨૫. | સૌમીબહેન પ્રભુભાઈ પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૨૬. | મનહરભાઈ પી. પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૨૭. | શિરીષભાઈ પુષ્પવદન પચ્ચીગર | સુરત | ૨૦૧/- |
| ૨૮. | નટવરલાલ બી. ભાવસાર | મુંબઈ | ૨૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક



પૂજ્ય શ્રીમોટાએ મારા બાપુજી (સદ્‌ગત રાવજીભાઈ આશાભાઈ પટેલ, રહેવાસી ડભાણ)ને છ માસ પહેલાં કહેલું કે તમારા પરિવારમાં મોટું વિઘ્ન આવશે. માટે ભક્તિ કરજો. પરિવારના નામસ્મરણમાં પૂજ્ય શ્રીમોટાએ પણ સાથ આપ્યો હતો. મારા પતિ જનમેજયને તા. ૨-૬-૧૯૬૧ના રોજ મોટો કાર ઍક્સિડન્ટ થયો. બચવાની કોઈ આશા ન હતી. શ્રીમોટાની પ્રાર્થનાથી મારું સૌભાગ્ય બચી ગયું.

- જયા જનમેજય

'જનમે-જયા', પ્ર. આ., પૃ. ૨૫



શ્રીકૃષ્ણલીલાનું આ પેઈન્ટિંગ
જયાબહેન જનમેજય પટેલે
સને ૨૦૦૭માં બનાવેલું

**HARIBHAV, MARCH - 2017**
"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



'...ભાઈ, સ્વાર્થ જરૂર કરો. તે જરૂરી છે. તેના વિના સંસાર ચાલે જ નહિ. પણ, પરમાર્થ એવો કરો કે જેથી સમાજ બેઠો થાય... આ મેં મંદિર ચણાવ્યું, આ ધર્મશાળામાં આપ્યા તે વાત હમણાં જવા દો. વીસ વરસ, પચીસ વરસ સુધી જવા દો.'

- શ્રીમોટા

'હરિવાણી', મે, ૧૯૮૩

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com